## ૫૭ સુવર્ણગુણોના ધારક

- પૂ. સા.શ્રી જયશીલાશ્રીજી મ.

પંચપરમેષ્ઠિના ત્રીજા પદે સ્થાન પામનારા, ભવ્ય જીવોને પ્રતિબોધ કરનારા, આજીવન ગુરુમહારાજનો પડછાયો બનીને જીવનારા પ.પૂ. પ્રાતઃસ્મરણીય આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના ગુણકીર્તન કરવા એટલે ચમચી વડે સાગરને ઉલેચવો. વર્તમાનમાં ગુણાનુરાગ એ મુક્તિનો દરવાજો છે, કયા શબ્દોથી વર્ણન કરું ગુરુદેવના ગુણોનું ?

'ધરતીકો કાગજ કરું, કલમ કરું વનરાય ;

સાત સમુંદર શ્યાહી કરું, ગુરુગુણ લીખા ન જાય.'

સાધુનું જીવન અગરબત્તી કરતા મહાન છે. અગરબત્તી પોતે બળીને સુગંધ આપે છે જ્યારે સાધુ પોતે સંત બની જગતના જીવોને સંત બનાવે છે. જગતના જીવોને ઉન્માર્ગમાંથી સન્માર્ગમાં લાવે એવા ગુરુ સૂર્ય પહેલાં ઊગે છે. તેથી જ તેમનું પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. નામ સાર્થક છે.

જીવનમાં વૈરાગ્યભાવ વેગવંત બનતાં, સંસારની કાજળની કાળી કોટડીમાં રહ્યાં છતાં રાગરૂપી કાજળનો સ્હેજ પણ સ્પર્શ ન કરનાર, ગુરુદેવનું જીવન આશ્ચર્યકારી હતું. ખરેખર ગુરુતત્ત્વ જ મહાન છે. કોઇ પણ સિદ્ધિની પ્રાપ્તિમાં પુરુષાર્થ+સાધનાનું બળ હોય છે. પૂજ્ય ગુરુદેવે સંયમગ્રહણ માટે ૧૭-૧૭ વારનો પ્રબળ પુરુષાર્થ પ્રારંભ્યો. જ્યારે વૈરાગ્ય મહાન બને છે ત્યારે વય ગૌણ બને છે અને વિવેક મહાન બને છે. એક વિચારકે લખ્યું છે કે :

'જેનો ગમે સંગ તેનો ચઢે રંગ, સાધુનો ચઢે રંગ તો જીવનના બદલાય ઢંગ.'

એક જ વૃક્ષ ઉપર ભલે બધી જાતના ફળો નથી હોતા પણ જે મહાપુરુષમાં દરેક જાતના ગુણો હતા એવા જિનાજ્ઞા પાલક, ચતુર્વિધસંઘના નેતા, મધુરી દેશનાના દાતા, તપ ત્યાગને સ્વાધ્યાયમાં તલ્લીનતા દ્વારા ભવ્ય જીવોને પ્રતિબોધનારા ગીતાર્થ શિરોમણિ મુંબઇ મહાનગરીના અનન્ય ઉપકારી પ.પૂ. ધર્મસૂરીશ્વરજી મ.નું શરણું આ ગુરુદેવે સ્વીકાર્યું હતું.

કહ્યું છે કે ગુરુનો વાત્સલ્યભાવ-પ્રીતિભાવ શિષ્યને જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં વેગ આપે છે. ગુર્વાજ્ઞામાં જે શિષ્ય હોય તેને સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ભવમાં ભટકતાને શાસનનો માર્ગ બતાવનાર ગુરુ મહારાજ છે. ગુરુએ હૃદયમાં જેને લઇ લીધા તેનું ઉત્થાન થયું જ છે. પૂજ્ય ગુરુદેવ આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.ની યોગ્યતા નિહાળતા આચાર્યપદ પર આરૂઢ કરાયા. આચાર્યનો વર્ણ પીળો છે. ગુરુદેવમાં સુવર્ણના વિષઘાતી, ગુરુ, અકાટ્ય વગેરે સર્વ ગુણો હતા.

જેમ સુવર્ણ કષ-છેદ-તાપની પરીક્ષામાં તે ઉત્તીર્ણ બને છે તેમ તેઓ શિષ્યો, અન્ય સાધુઓ અને સમુદાયનું યોગક્ષેમ કરી સંઘના રક્ષક બની પરીક્ષામાં ઉત્તીર્ણ બન્યા હતા. આંસુ ધુમાડાના હોય, દુઃખના હોય, સ્વજનના વિયોગના હોય એમ ઘણા પ્રકારના હોય પણ શાસન માટે આંસુ પાડનાર આ મહાપુરુષ જ હતા.

આવા ગુરુવરને અમારી ભાવભરી વંદનાંજલિ... ✦✦✦

## ૫૮ ગુણોનું કલ્પવૃક્ષ

- પૂ. સા. શ્રી પદ્મરેખાશ્રીજી મ.

ગુરુકી મહિમા અપરંપાર હૈ, ગુરુ કે ઉપકાર હમ પર અપાર હૈ;

હમારે સમગ્ર અસ્તિત્વકે હે ગુરુદેવ! આપ હી એક આધાર હૈ...

મહાપુરુષોનું વ્યક્તિત્વ જ એવું મહાન હોય છે કે એમના જીવનપ્રસંગોમાં આપોઆપ એમના ગુણો પ્રગટ થઇ જાય છે. ૮૪-૮૪ વર્ષો સુધી જેઓ નીડરતા અને નિર્ભયતાથી ખમીર અને ખુમારીભર્યું જીવન જીવ્યા, શાસનદાઝ જેઓના રગેરગમાં વ્યાપ્ત હતી એવા શાસનપ્રભાવક પરમ ગુરુદેવ આચાર્ય દેવેશ શ્રીમદ્‌વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. અદ્‌ભુત ગુણોના મહાસાગર હતા.

વિરતિની વાટિકામાં એક વૃક્ષ ઊગ્યું. પૂજ્યપાદ યુગદિવાકર આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજાની વાણીરૂપ વારિનાં સિંચનથી એ નવપલ્લવિત થયું. કોઇ

પણ વૃક્ષ એક જ જાતના ફળ આપે, જેમ કે સફરજનનું વૃક્ષ સફરજન જ આપે, કેરીનું વૃક્ષ કેરી જ આપે. પણ આ ગુરૂદેવરૂપી વૃક્ષ પર તો સદ્ગુણોરૂપી વિવિધ જાતના ફળો ખીલી રહ્યા હતા. અપ્રમત્તતા-ઔચિત્ય-આકર્ષકતાના અનાનસ, ઉદારતા-અડગતાના આલુ, કરુણા-કુશાગ્રતાની કેરીઓ, ચાતુર્ય-ચુસ્તતાના ચીકુ, જયણા-જીવદયાના જામફળ, દયાલુતાના દાડમ, નિર્મલતા-નમ્રતાની નારંગી, નિરભિમાનતા-નિર્ભયતાના નારિયેળ, પરોપકાર-પ્રભાવકતાના પપૈયા, પવિત્રતાના પેર, માયાલુતા-મૃદુતા-મધુરતાની મોસંબી, સમતાના સીતાફળ, સજાગતા-સહિષ્ણુતાની શેરડી, સ્નેહના સફરજન... આવા અઢળક ગુણોના ભંડાર પૂ. ગુરુદેવના ગુણોના બીજ અમ જીવનક્યારામાં પણ રોપાય એવી અંતઃકરણની અભિલાષા આ અવસરે અસ્થાને નહિ જ ગણાય.

ભાષામાં પરિમિતતા, બુદ્ધિમાં કુશાગ્રતા, અસત્ય પ્રતીકારમાં નીડરતા, શાસ્ત્રમાં પારંગતતા, પ્રવચનમાં પટુતા, પ્રરૂપણામાં સચોટતા, શબ્દોમાં લાલિત્ય, શૈલીમાં પ્રભાવકતા, વાણીમાં મધુરતા અને વચનસિદ્ધતા, સિદ્ધાંતમાં વફાદારી, વિચારમાં સ્પષ્ટતા, કાર્યમાં કુશલતા, પ્રતિભામાં અજોડતા, નેત્રોમાં પ્રસન્નતા, હૃદયમાં વિશાલતા અને વત્સલતા, પ્રકૃતિમાં સરલતા અને શીતલતા, ગુર્વાજ્ઞામાં સમર્પિતતા, સંયમમાં સાત્ત્વિકતા, ક્રિયામાં ચુસ્તતા, પ્રભુભક્તિમાં તન્મયતા, જાપ-ધ્યાનમાં મગ્નતા, તપ-ત્યાગમાં તત્પરતા અને દર્દમાં સહનશીલતા જેવા ગુરુદેવના એક સે બઢકર એક ગુણોને નિહાળીને તો શિર ઝૂકી જાય છે. તેઓશ્રીનાં જીવનવૃક્ષ ઉપર આવા અનેકાનેક ગુણો નિહાળી મને તો એમજ લાગે છે કે ગુરુદેવનું જીવન ગુણોનું કલ્પવૃક્ષ જ હતું.

આવા અનેકાનેક ગુણવૈભવના સ્વામી ગુરુદેવનાં આંતર-નિધાનમાંથી કંઈક પામીને આંતરધનથી નિર્ધન બનેલા અમે જીવનમાં કંઈક ઉપલબ્ધિ મેળવીને અમારું જીવન સમૃદ્ધ બનાવી શકીએ એ જ આશિષયાચના સહ પૂજ્યશ્રીને વિનમ્ર વંદનાંજલિ-ભાવાંજલિ...

✦✦✦

૫૯

## વિદ્યાનાં ધામ

- પૂ. સા.શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.

જેમણે જન્મથી જ સૂર્ય જેવી દેદીપ્યમાન જ્યોતિ મેળવીને જીવન જ્યોતિર્મય બનાવ્યું અને વિદાય પણ જ્યોતિર્મય લીધી એવા પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. નાં ચરણોમાં કોટિ કોટિ વંદન...

પૂજ્યશ્રીનો જન્મ ગુજરાતની પ્રાચીન તીર્થભૂમિ દર્ભાવતી નગરી-ડભોઈમાં વિ.સં. ૧૯૮૮ના મહા વદ-૧૪ના મહાશિવરાત્રિના પાવન દિવસે થયો હતો. જન્મથી જ જાણે મહાન બનવા સર્જાયા હોય તેવા દિવસે તેમનો જન્મ થયો...!

શ્રી લોઢણપાર્શ્વનાથ ભગવાનનું સાંનિધ્ય-માતાપિતાના અજોડ ધર્મસંસ્કારો અને ડભોઈ નગરી : આ ત્રિવેણીસંગમે જ તેઓશ્રીને છ વર્ષની વયે ચોસઠ પ્રહરી પૌષધ કરવાની, સંથારા પર સૂવાની અને દીક્ષા લેવાની પ્રેરણા મળી હશે કદાચ.

જન્મથી જ વ્યાવહારિક ને ધાર્મિક અભ્યાસમાં તેમની તેજસ્વી પ્રતિભા હતી. એનાં કારણે સૂત્રો બોલવાની છટા-શ્લોકો-પ્રાર્થના વગેરે બોલવામાં મીઠાશ હતી. દીક્ષાના પ્રારંભિક વર્ષોમાં ન્યાય-વ્યાકરણ-કાવ્ય-તર્કશાસ્ત્ર-છંદ વગેરે તેઓએ ષડ્દર્શનના પ્રકાંડ વિદ્વાન પંડિતજી પાસે કરીને બધામાં વિદ્વત્તા પ્રાપ્ત કરી. બધી જ પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ નંબર મેળવતા, તો કર્મગ્રંથ-સંસ્કૃતટીકા-વ્યાકરણનાં સૂત્રો નવકારની જેમ કડકડાટ બોલતા અને તેવી જ રીતે પોતાના શિષ્યપરિવારને પણ ભણાવીને વિદ્વાન તેમજ વક્તા તરીકે તૈયાર કર્યા.

પૂજ્યશ્રીનું હૃદય કબૂતર જેવું નિર્દોષ, નજર બાજપક્ષી જેવી ચકોર, પગ સાબર જેવા તેજ, કાન હરણ જેવા સરવા, ચાલ હાથી જેવી ઠંડી, મન શિયાળ જેવું સતર્ક અને શરીર સિંહ જેવું પરાક્રમી હતું.

તેઓશ્રી પાસે સમભાવનું સમીકરણ હતું તો ગુરુચરણોમાં તેઓશ્રી પૂર્ણતઃ સમર્પિત હતા. તેઓશ્રી સ્વભાવથી નમ્ર, વિવેકી, નિર્ભય, સ્પષ્ટ વક્તા, હિંમતવાન, વિદ્યાનાં ધામ, મહાન વિદ્યાપુરુષ હતા. સરસ્વતી જીભ પર હતી. ભાષા પર પૂરો કાબૂ હતો.

અમો મોરબી ચાતુર્માસ કરવા માટે ગયા ત્યાં લાભશંકર પંડિતજી પાસે ભણવાનું થયું ત્યારે એ કહેતા કે બધાને ભણાવવા સહેલા પણ સેવંતીને (તેઓશ્રીનું સાંસારિક નામ સેવંતી હતું) ભણાવવું અઘરું. બધું જ એમને આવડે. તે પંડિતજી પણ તેઓશ્રીની વિદ્વત્તા પર વારી ગયા હતા.

મને સંસ્કૃત ભાંડારકરની બુક-લઘુવૃત્તિવ્યાકરણ ભણવાની પ્રેરણા તેઓશ્રીએ કરી ને શરુઆત કરાવી. ત્યાર બાદ દીક્ષામાં 'સંસ્કૃતવિશારદ' ને 'સંસ્કૃતભૂષણ'ને લગતી પરીક્ષાઓ આપવાની પ્રેરણા કરી. તેને લગતા પુસ્તકો મેળવી આપ્યા અને પરીક્ષા અપાવી. આવા ઉપકારી પૂ. ગુરુદેવને કેમ ભૂલાય ?

જ્યારે અમે ગત ચાતુર્માસ માટે મુંબઈમાં પ્રવેશ કર્યો ત્યારે પૂજ્યશ્રી પણ પધારતા હતા અને બરાબર દહિંસર ચેકનાકા પાસે જ ભેગા થયા. તેઓશ્રીની સાથે તેમના વિદ્વાન શિષ્ય

પૂ.પાદ આ.ભ.શ્રી રાજરત્નસૂરિજી મ.સા.ને આદિ સમસ્ત પરિવાર હતો. અમોને પ્રવેશ પહેલાં તેઓશ્રીએ સ્વમુખે માંગલિક સંભળાવ્યું.

તેઓશ્રીએ મોહમયી મુંબઈ નગરીમાં અનેક જિનાલયો, અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવો, પદયાત્રાસંઘ-દીક્ષામહોત્સવો અને શાસનપ્રભાવનાનાં કાર્યો કરી જય-જયકાર વર્તાવ્યો છે. તેઓશ્રીએ વિદ્વત્તાના બેતાજ બાદશાહ એવા પૂજ્યપાદ આ.ભ. શ્રી રાજરત્નસૂરિજી મ.સા. ને સમર્થ બનાવીને આપણા ઉપર અનહદ ઉપકાર કર્યો છે. આજે પણ તેઓશ્રીના શિષ્યો-પ્રશિષ્યો ઝળકી રહ્યા છે.

પૂજ્યશ્રી ગુરુભક્તિ-વિનય-વિવેક-મધુરતા-કુશાગ્રતા જેવા ગુણોથી સૌના માનીતા થયા. દર્ભાવતીતીર્થોદ્ધારકનું બિરુદ મળ્યું. ઘાટકોપર-જગડૂશાનગરનાં શિખરબદ્ધ જિનાલયની રક્ષાનું મોટું કામ કર્યું. પ્રવચનપ્રભાવક, પ્રભાવશાળી એવા પૂજ્યશ્રીએ શાસનની અડીખમ સેવા કરી પૂ. પાદ યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની જગાવેલ ધર્મની જ્યોતને જ્વલંત રાખી મહાન ઉપકાર કર્યો છે.

કરુણાના ક્યારા સમાન, પ્રેમના પ્યાલા સમાન, જ્ઞાનના દીપક સમાન, પ્રજ્ઞાની પરબ સમાન, શિષ્યો માટે ઘેઘૂર વડલા સમાન, ભક્તો માટે આશ્રયસ્થાન સમાન, પામર માટે પગથિયા સમાન અને સમતાની સીડી સમાન આવા ઉપકારી ગુરુદેવશ્રીને ભાવભરી વંદના.

તેઓ જ્યાં હોય ત્યાં પુનઃ જૈન શાસનને પામે અને પરંપરાએ મોક્ષ સુખના ભાગી બને એ જ ભાવભરી શ્રદ્ધાંજલિ... ✦✦✦

૬૦

## અરિહંતના અણગાર..
## બન્યા શાસનના શણગાર...

- પૂ. સા. શ્રી લક્ષિતજ્ઞાશ્રીજી મ.

ગુજરાતનું પ્રાચીન ડભોઈતીર્થ એટલે દીક્ષાની ખાણ. એવી સંસ્કારી અને ધર્મિષ્ઠ એ નગરી છે કે ત્યાંથી થોડાં થોડાં વર્ષે પુણ્યાત્માઓ સંયમમાર્ગે નીકળ્યા જ કરે : જાણે કે ડભોઈ એટલે મુમુક્ષુરુપી રત્નોની ખાણ. આ ડભોઈના એક તેજસ્વી રત્ન એટલે પૂજ્યપાદ વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ પરમશાસનપ્રભાવક આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ. બાલવયથી મળતા રહેલાં પરિવારના ધર્મસંસ્કારોમાં પૂજ્ય ગુરુભગવંતોનો સુયોગ થયો. એટલે તેઓ નાની વયે સંસારનો ત્યાગ કરીને અરિહંતના અણગાર બન્યા. પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા. જેવા મહાપુરુષના હસ્તે એમનું ઘડતર થયું. એટલે આગળ જતાં તેઓ શાસનના શણગાર બન્યા.

પૂજ્યશ્રીની નિશ્રામાં ભલે શાસનનાં સેંકડો કાર્યો થયાં. પણ અમને તેઓ યાદ રહ્યાં છે. પ્રસન્ન અને સરલ-સહયોગી સ્વભાવથી. વિ.સં. ૨૦૪૨ માં પૂજ્યશ્રી વડોદરા કોઠીપોળ સંઘમાં ચાતુર્માસ હતા ત્યારે એમણે બે મોટા જોગની આરાધના કરાવી હતી. અમારા ઘણા બધા સાધ્વીજીએ એ સમયે લગભગ આખું ચાતુર્માસ જોગ કર્યા. પૂજ્યશ્રીએ ખૂબ વાત્સલ્યથી સૌને જોગની આરાધના કરાવી. અને પ્રસંગે પ્રસંગે જોગવિધિની સમજણ પણ આપી. તે પછી વિ.સં. ૨૦૪૭ માં પૂજ્યશ્રીનું તથા અમારું ચાતુર્માસ વડોદરા-મામાની પોળ સંઘમાં સાથે થયું. ત્યારે પણ પૂજ્યશ્રીએ અમારા સાધ્વીજીઓને અભ્યાસનો - પાઠનો સરસ લાભ આપ્યો હતો. એ ચાતુર્માસના બે વર્ષ પછી મામાની પોળ સંઘમાં જ પૂજ્યશ્રીની પ્રેરણાથી ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ ઉજવાયો ત્યારે અને ડભોઈમાં વિ.સં.૨૦૫૯ માં પૂજ્યશ્રીની નિશ્રામાં યાદગાર અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ ઉજવાયો ત્યારે અમારા પરિવારમાં મુમુક્ષુઓની દીક્ષા ખૂબ સુંદર રીતે થઈ હતી.

મુંબઈ મહાનગરીમાં તેમની નિશ્રામાં નવી નવી શાસનપ્રભાવનાઓ ચાલ્યા જ કરતી. એના માટે દિવસ-રાત જોયા વિના એમણે જાણે કે જાત ઘસી નાંખી હતી. છેલ્લે-છેલ્લે અંતિમ માંદગીમાં પૂજ્યશ્રી હોસ્પિટલમાં હતા ત્યારે અમે એમનાં દર્શને ગયા હતા, તો પૂજ્યશ્રીના કાલધર્મની ઉછામણી-ગુણાનુવાદ મહાસભા વગેરેમાં પણ અમે ખાસ ઉપસ્થિત હતા. એ પ્રસંગોમાં પણ અમે એમનો પુણ્યપ્રભાવ નજરોનજર જોયો છે. એ મહાન પુણ્યશાળી આચાર્યભગવંતશ્રીને અમારી કોટિ કોટિ વંદના. ✦✦✦

૬૧

# સરસતા, સરલતા અને સફળતાનો ત્રિવેણીસંગમ

-પૂ. સા.શ્રી જ્યોતિર્ધરાશ્રીજી મ.

''જાને વાલે કુછ કામ કર જા, જમાના યાદ કરે ઐસા નામ કર જા.''

આ પંક્તિ એમ કહે છે કે જન્મના દ્વારેથી પ્રવેશીને મૃત્યુના દરવાજેથી વિદાય તો સહુ કોઇને લેવાની જ છે. પણ જતા પહેલા જીવનને સદ્ગુણોની સૌરભથી અને સત્કાર્યોનાં સૌંદર્યથી એવું તો મઢી દેવું જોઇએ કે યુગો સુધી એ સૌરભને સહુ કોઇ માણ્યા જ કરે. આવું જ એક સૌરભ અને સૌંદર્ય મઢ્યું જીવન એટલે પ.પૂ.આ.દેવ શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નું જીવન...

કોઇક અણઘડ આદમીના હાથમાં કલર અને પીંછી પકડાવીને તેને કહેવામાં આવે કે મુંબઇનું ચિત્ર દોરીને બતાવ. જેને હજુ પીંછી પકડતાં ય નથી આવડતું, જે રેખા ય માંડ દોરી શકે તે ચિત્ર તો કેવી રીતે તૈયાર કરી શકે? લાગે છે મારા માટે પણ એટલું જ મુશ્કેલ છે સ્વર્ગીય સૂરિજીનું જીવનચિત્ર દોરીને બતાવવું. છતાંય 'શુભે યથાશક્તિ યતનીયમ્'એ ઉક્તિને અનુસારે પ્રયાસ તો મારે કરવો જ રહ્યો.

'ગુણ ગાતાં ગિરુઆ તણાં, ગુણ આવે નિજ અંગ' આ પંક્તિનાં પ્રેરણાબળે મહાન એવા આચાર્ય દેવેશના ગુણો લખતા લખતા કોઇ એકાદ નાનકડો ગુણ મને પણ સ્પર્શી જાય એવી આસ્થાથી જ આ લખવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

સરસતા, સરલતા અને સફળતાના સ્વામી હતા સૂરિવર! પૂજ્યપાદ યુગદિવાકર આચાર્ય દેવ શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.ને શાસન અને સંઘસેવાનાં કાર્યો અવિરતપણે ચાલતા રહેતા અને એમના પ્રત્યેક કાર્યમાં પ્રતિપળ સાથે રહેતા પૂજ્યશ્રીને મેં દીક્ષાના પ્રારંભથી નિહાળ્યા છે. પૂ. યુગદિવાકરશ્રીનાં કાર્યો તેઓ એવા સરસ કરતા કે એમાં ક્યાં ય કશું જોવાનું બાકી ન રહે. પૂજ્યપાદ યુગદિવાકરશ્રીની સાથે રહીને શાસનનાં અનેકવિધ કાર્યો કરવાથી તેઓશ્રીની સૂઝ-બૂઝનો વારસો મળ્યો જ. પણ સાથે પુણ્યાઇનો વારસો પણ મળ્યો.

એકદા વાતવાતમાં મેં પૂજ્યશ્રીને કહ્યું : ''આપને તો એક કાર્ય પૂર્ણ ન થાય ત્યાં બીજા ચાર ઊભા જ હોય છે.'' ત્યારે પૂજ્યશ્રીએ જવાબ આપ્યો હતો કે ''દરજીનો દીકરો જ્યાં સુધી જીવે ત્યાં સુધી સીવે.'' અને ખરેખર આ વાક્ય એમણે જીવનની અંતિમ ક્ષણ સુધી સાર્થક કર્યું. તેમને અનેક સંઘમાં પડેલી તિરાડને સોય બની સાંધવાનું કાર્ય કર્યું.

સંવત ૨૦૩૮માં પૂ. યુગદિવાકરશ્રીના કાળધર્મ પછીનું પ્રથમ ચાતુર્માસ ગોડીજીમાં પૂ. આ. દેવ શ્રી કનકરત્નસૂરિજી મ.સા. અને પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરિજી મ.સા.નું સાથે હતું અને તે વખતે અમે પાયધુની શ્રી શાંતિનાથજી દેરાસરે ચાતુર્માસ હતા. મને પૂજ્યશ્રી પાસે લઘુવૃત્તિનો અભ્યાસ કરવાનો લાભ મળ્યો. તે વખતે મેં અનેક વાર અનુભવ્યું કે ભણતા ભણતા કાંઇ પણ ક્યારે પણ પૂછું, જરા પણ અકળાયા વિના સચોટ ઉત્તર આપવા પૂર્વક ખૂબજ ખંતથી અને ઉલ્લાસથી પૂજ્યશ્રી ભણાવતા હતા. સ્વભાવની સરળતાનો સ્વાદ અનેક વાર માણ્યો છે.

મારી સાથેની મુમુક્ષુ કુ. વીરાલીની દીક્ષા વડીલોની અનુમતિ મળી જવાથી ધાર્યા કરતા વહેલી નક્કી થઇ ત્યારે મનમાં થોડી મૂંઝવણ હતી. પરંતુ પૂજ્યશ્રીને વાત જણાવતાની સાથે જ ગોવાલિયા ટેંકમાં ચાલતા ગુરુમૂર્તિપ્રતિષ્ઠાના મહોત્સવના માહોલમાં પ્રસંગને સાંકળી લેવાનો તુર્ત જ નિર્ણય કર્યો... જરા ય વિલંબ વિના. દીક્ષા બાદ વડીદીક્ષાનો પ્રસંગ પણ પૂજ્યશ્રીની નિશ્રામાં જ સંપન્ન થયો. પૂજ્યશ્રીની સરળતા અને પૂ. રાજરત્નસૂરિજી મ.સા.ના સહકાર વિના આ શક્ય ન બનત.

પૂજ્યશ્રીને ક્યારેય કોઇએ ટેકો લઇને બેસતા જોયા જ નહિ હોય. વયમાં એંશીને આંબી ચૂકેલા આચાર્યદેવ સદા મસ્ત તો હતા જ, પણ વ્યસ્ત પણ હતા જ. છેલ્લે કાંદિવલી-ઇસ્ટની અંજનશલાકાનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ વંદનાર્થે ગયા તો ખરા, પણ એમ હતું કે આચાર્યદેવ આરામ કરતા હશે. જઇને જોયું તો અન્ય કોઇ કાર્યમાં પૂજ્યશ્રી વ્યસ્ત હતા અને મારાથી સહજ પુછાઇ ગયું : ''સાહેબ! ૪ થી ૫ કલાક સુધી ટેકા વિના એક જ આસને બેઠા પછી આપને થાક નથી લાગ્યો આ ઉંમરે ? આરામ નહિ કરવાનો?'' ત્યારે સાહેબે હસતાં હસતાં કહ્યું : ''એમાં થાકવાનું શું?'' યુવાનને ય શરમાવી દે એવો જવાબ સાંભળીને મને મારી કાયરતા ડંખી ગઇ.

'તમે સૂરજ થઇને ચમક્યા' ગ્રંથનું આ નામ પણ ખરેખર સાર્થક જ પડ્યું છે. શું પૂજ્ય ધર્મસૂરીશ્વરજી મ.સા.ને સમજાઇ ગયું હશે કે આ બાળ મુમુક્ષુ જિનશાસનના ગગનાંગણમાં સૂરજ થઇને ચમકશે અને એથી જ એમનું નામ સૂર્યોદયવિજય પડ્યું..? હા, ત્યારે તો એ બાળ સૂર્યનો ઉદય જ હતો ને? આજે જ્યારે પૂજ્યશ્રીએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે ત્યારે પેલો શ્લોક યાદ આવે છેઃ

''यत्राऽपि कुत्राऽपि गता भवन्ति, हंसा महीमण्डलमण्डनाय ।

हानिस्तु तेषां हि सरोवराणां, येषां मरालैः सह विप्रयोगः ।।

હંસ સમા ઓ સૂરિવર! યુગદિવાકરશ્રીના સમુદાયરૂપી સરોવરને છોડીને આપને તો અમારી ખોટ નથી પડવાની. આપશ્રી તો આપની આરાધનાના બળે સત્કુલને પામી સિદ્ધિની સાધનામાં જોડાઇ જશો. પણ અમને તો આપની ખોટ ખૂબ સાલશે. હા, આપની કૃપાદૃષ્ટિથી વિકસિત બની ચૂકેલા આપના રાજ-રશ્મિ-આગમ-ધર્મ ને અક્ષયરત્ન જેવા રાજહંસો સમુદાયના સરોવરને શોભાવી રહ્યા છે.

આપશ્રીની કૃપાવૃષ્ટિના યાચક બની ચાતક દૃષ્ટિએ અમે પણ મીટ માંડીશું ગુરુવર! પૂર્વે આપ સ્વસ્થ હતા, આજે આપ સ્વર્ગસ્થ છો. પણ સદા કાળ અમારા માટે તો હૃદયસ્થ જ રહેશો...અંતે અક્ષર આત્માને અક્ષરો દ્વારા શ્રદ્ધાંજલિ... ✦✦✦

## ૬૨ ગુરુભક્તિથી મળી સિદ્ધિની શક્તિ

– પૂ. સા.શ્રી વિરતિધરાશ્રીજી મ. (વારિશિશુ)

સો-સો સૂરજ ઉગે ભલે ને,
ચંદા ઉગે હજાર,
ચંદા સૂરજ હો ભલે,
ગુરુ બિન ઘોર અંધાર...

સૂર્યોદય થતાં જ સમગ્ર જીવસૃષ્ટિ પોતપોતાનાં કાર્યમાં પ્રવૃત્તિશીલ બની જાય છે, શરીરની જડતા દૂર કરી મનની પ્રસન્નતાને ધારણ કરે છે અને તન-મનમાં એક નવી ચેતનાનો સંચાર થયો હોય એવી અનુભૂતિ કરે છે.

એ પૂજ્યપાદ સમર્થ વિદ્વાન પરમ શાસનપ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. પણ એક અભિનવ-અલૌકિક 'સૂર્યોદય' હતા કે જેમનાં કારણે આરાધકો-સંઘો પ્રમાદ દૂર કરી નવચૈતન્ય પામી આરાધના યોગોમાં જોડાઇ જતા હતા. આ અભિનવ 'સૂર્યોદય'નાં તેજકિરણો એટલે લઘુવયમાં જ મજબૂત ધર્મપાયો, બુદ્ધિપ્રતિભા, ઝળહળતો વૈરાગ્ય, સતત જાગૃતિ, એકાગ્રતા, જ્ઞાનમગ્નતાની સાથે-સાથે ટોચ કક્ષાનો સમર્પણ ભાવ.

ઇંગ્લિશમાં 'ગુરુ' શબ્દનો સ્પેલિંગ છે **Guru.**

**G-** Good Sense (સારી બુદ્ધિ)

**U-** Under Standing (સમજશક્તિ)

**R-** Ribit (સમાજ સેવા)

**U-** Union (સંગઠન બળ)

પૂજ્યપાદ શાસનપ્રભાવક ગુરુદેવ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.માં ઉપરોક્ત ચારે ય ગુણો ખૂબ સુંદર વિલસતા હતા. તેઓશ્રી પાસે બુદ્ધિશક્તિ અદ્‌ભુત હતી. સમજણશક્તિ સુંદર હતી. શાસનસેવાની તત્પરતા લાજવાબ હતી, તો શિષ્યવર્ગ અને ભક્તવર્ગની શક્તિ પણ તેઓશ્રી પાસે સરસ હતી.

ઘણાને વિચાર થશે કે બે દિવસમાં પક્ખીસૂત્ર, દોઢ દિવસમાં ગુણસ્થાનક ક્રમારોહ, બે કલાકમાં સિદ્ધહૈમવ્યાકરણ સૂત્રોનો સ્વાધ્યાય, યુનિવર્સિટીની દરેક પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસઃ આવું તો ઘણું બધું... તેઓ કઇ રીતે કરી શક્યા? ગુરુકૃપાથી જ સ્તો.

એવા આ ગુરુસમર્પિત પૂજ્યશ્રી ગુરુદેવની આંગળી પકડીને એવા તો આગળ વધ્યા કે મોટા-મોટા ગિરિશિખરોને પણ સરળતાથી પાર કરી ગયા. અદ્‌ભુત ગુરુભક્તિથી તેમણે અપાર ગુરુકૃપા મેળવી અને ગુરુકૃપાથી દરેક કાર્યોને સફળતાપૂર્વક કરવા સમર્થ બની ગયા. કહો કે ગુરુભક્તિથી તેઓશ્રીને સર્વત્ર સિદ્ધિની શક્તિ મળી.

અલબત્ત, તેઓમાં ગુરુતા તો અંશ માત્ર જોવા ન મળે. તેઓશ્રીનું વાત્સલ્ય-મધુર વાણી-ઔચિત્યપૂર્ણ વ્યવહાર ઉડીને આંખે વળગે તેવો હતો. ઘણા વર્ષો બાદ પ્રથમવાર ધર્મધામતીર્થે ઉપધાન દરમ્યાન મળવાનું થયેલ. સરસ આત્મીયતાનો અનુભવ માણવા મળ્યો... આ ગુરુદેવના ગુણો નિહાળી કહેવાનું મન થઇ જાય કેઃ-

'शो रूम में इतने, तो गोडाउन में कितने ???'

એ ગુરુવરની અમીદૃષ્ટિનાં અંશસ્વરૂપ ગુણસિંધુમાંથી એક બિંદુ પણ જો પ્રાપ્ત થઇ જાય તો જીવન ધન્ય બની જાય. આ જ આકાંક્ષા સહ ગુરુવરને ભાવપૂર્ણ વંદનાંજલિ...

✦✦✦

## ૬૩ વાત્સલ્યના વડલા જેવા પૂજ્યશ્રી...

- પૂ. સા. શ્રી પીયૂષપૂર્ણાશ્રીજી મ.

પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના ઝળહળતા સિતારા એટલે પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી પ્રખર શાસનપ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ. અમને પૂજ્યશ્રીને વિશેષ પરિચય થયો વિ.સં. ૨૦૩૩-૩૪નાં વર્ષોમાં પાલિતાણામાં. ત્યારે પૂજ્યપાદ આ.ભ.શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્યપાદ આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સકલ સાધુસમુદાય અને ઘણો વિશાલ સાધ્વી સમુદાય પાલિતાણામાં ચાતુર્માસ માટે હતો. સાહિત્યમંદિર સતત શાસનપ્રભાવનાઓ-વ્યાખ્યાનો અને ચતુર્વિધ સંઘથી ધમધમતું હતું. એ સમયના જોશીલા-તરવરીયા પૂ. સૂર્યોદયવિજયજી મ.નો જુસ્સો અને થાક્યા વિના દિન-રાત

શાસન કાર્યો કરવાની એમની ધગશ જોઇને અમને આશ્ચર્ય-આનંદ થતો. પૂ.આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.ના જાણે તેઓ જમણો હાથ હતા. તેઓ અભ્યાસ પણ કરાવે અને નાના-મોટા સાધ્વીજીનાં કાર્યો વાત્સલ્યથી કરે. અમે સહુ પૂ. પ્રવર્તિની વડીલ ગુરુણી સા. શ્રી કુસુમશ્રીજીના પરિવારના. એથી નાનાં મોટાં કામો હોય ત્યારે અમે પૂજ્યશ્રીને કહીએ. તેઓ બરાબર ધ્યાન આપી કાર્યો કરાવી આપે.

વર્ષો પછી વિ.સં. ૨૦૪૭માં મુંબઇથી આબુ-રાણકપુરતીર્થનો ભવ્ય પદયાત્રા સંઘ નીકળ્યો ત્યારે અમે અમારા ગુરુણી પ.પૂ. સા. શ્રી યશોલતાશ્રીજી મ. સાથે અમદાવાદથી જોડાયા. ભાવિભાવ કોઇ અલગ હશે. એથી સંઘ સાથે હજુ તો નંદાસણ સુધી આવ્યા ત્યાં અચાનક અમારા ગુરુણી કાલધર્મ પામ્યા. અમારાં હૈયે જાણે વજ્રાઘાત થયો. અમે બે નાના સાધ્વીજીઓ અને એકાએક આવી અણધારી આફત આવી. એટલે અમે નાસીપાસ થઇ ગયા. ત્યારે પૂજ્યશ્રીએ ખૂબ હિંમત-હૂંફ-આશ્વાસન આપીને અમને સાચવી લીધા. અમારા ગુરુણીની પાલખીયાત્રા-અંતિમ સંસ્કાર વગેરે બધું જ સરસ થાય તે માટે પૂજ્યશ્રીએ ખૂબ ધ્યાન આપ્યું... છેલ્લાં વર્ષોમાં અમારા સાધ્વીપરિવાર માટે એમણે અંગત રસ લઇને એવું સરસ માર્ગદર્શન-નિર્ણય કર્યો કે એનાથી આજે અમારું સાધ્વીજીનું વૃંદ ત્રણનું થયું છે અને અમે સરસ આરાધના કરીએ છીએ. પૂજ્યશ્રી ભલે એક મહાન શાસનપ્રભાવક ધુરંધર આચાર્યદેવ હતા. પરંતુ આવી ઘટનાઓમાં અમને તેઓ એવા વિશાલ વટવૃક્ષ જેવા લાગતા હતા કે જેની છાયામાં વાત્સલ્યનો-શાતાનો અનુભવ થાય.

જીવનના છેલ્લા સમય સુધી ઠેર ઠેર અનેક શાસનપ્રભાવક કાર્યો કરીને એમણે પ.પૂ. ધર્મસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયનો ડંકો સમગ્ર જૈન શાસનમાં વગાડ્યો હતો. આવા મહાન પુણ્યશાળી-પ્રભાવશાળી આચાર્યભગવંતને અમારી હાર્દિક શ્રદ્ધાંજલિ. એમનો વિશાલ શિષ્ય-પ્રશિષ્યપરિવાર એમના પગલે પગલે સુંદર શાસનપ્રભાવના કરે અને સમુદાયનું નામ રોશન કરે એ જ ભાવના. ✦✦✦

## ૬૪ સરલ સ્વભાવના સ્વામી...

- પૂ. સા. શ્રી જિતપૂર્ણાશ્રીજી મ.

પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના દર્શન મુંબઇથી પાલિતાણાના પદયાત્રા સંઘમાં સૌ પ્રથમવાર ધંધુકામાં થયા. પહેલ-વહેલી ઓળખાણ થઇ. પણ એવી ક્યાં ખબર હતી કે આ પ્રથમ ઓળખાણ અમને જીવનભર એમની વાત્સલ્યમયી નિશ્રાની પ્રાપ્તિ કરાવશે? તેમના ભદ્રિક અને સરળ સ્વભાવે અમને તેમના તરફ કાયમ માટે આકર્ષી લીધા. પૂજ્યશ્રીને અમારા માટે ચિંતા કેટલી કે એક વાર કોબાતીર્થે મારા ગુરુણી પૂ.સા. શ્રી જયસેનાશ્રીજી મ. પડી ગયા અને તેમને જ્યારે ખબર પડી કે આ સાધ્વીજીઓ હવે મુંબઇ-રાણકપુર પદયાત્રાસંઘમાંથી પરત ફરી જઇને અમદાવાદ જવાના છે ત્યારે તેઓશ્રી તરત અમારાં સ્થાને પધાર્યા. ખૂબ લાગણીથી બધી તપાસ કરીને એમણે જણાવ્યું કે "તમારી બધી જવાબદારી મારી. કોઇ તકલીફ નહિ થાય. તમે હજુ અમદાવાદથી જ આ પદયાત્રા સંઘમાં જોડાયા છો અને પરત જાવ એ બરાબર નથી." પૂજ્યશ્રીનાં વાત્સલ્યથી અમે પ્રભાવિત થઇ ગયા. અમે સંઘમાં જોડાયેલ રહેવાની હા કહી ત્યારે જ તેઓશ્રી ત્યાંથી પોતાનાં સ્થાને પધાર્યા. આવી લાગણી અને મમતા ક્યાં મળે?

પૂજ્યશ્રીને જ્ઞાન ખૂબ જ પ્રિય હતું. જ્યારે પણ વંદન કરવા જઇએ ત્યારે તેઓ અમને અમારા અભ્યાસ વિષે પૃચ્છા કરે. પૂજ્યશ્રીની નિશ્રામાં મેં અને પૂ. જયસેનાશ્રીજી મ.સા. એ માસક્ષમણની આરાધના કરી હતી. તેમ જ અમુક સમય બાદ મેં વર્ષીતપ પણ કર્યો હતો. બન્ને આરાધના પૂજ્યશ્રીના શુભાશિષથી એકદમ સરળતાથી અને નિર્વિઘ્ને પૂર્ણ થઇ હતી. પૂજ્યશ્રીની એક આગવી વિશેષતા હતી કે તેઓ ક્યારે પણ સામી વ્યક્તિને દુઃખ થાય તેવું વર્તન કરતા નહિ.

પૂજ્યશ્રીને અમે જ્યારે કલિકુંડ તીર્થના છ'રીપાલક સંઘમાં નિશ્રાપ્રદાન કરવા વિનંતિ કરી ત્યારે શારીરિક પ્રતિકૂળતા હોવાથી તેઓએ છેવટે પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ને તે માટે પાલિતાણાથી ઉગ્ર વિહાર કરીને મોકલ્યા. મને તો તેમની નિશ્રામાં હજુ ય શંખેશ્વરનો સંઘ કાઢવાની ઇચ્છા હતી. પણ પૂજ્યશ્રી કાળધર્મ પામ્યા એટલે એ ઇચ્છા અધૂરી જ રહી ગઇ છે.

તેઓશ્રીના કાળધર્મ બાદ તેમની ગુણાનુવાદસભા અમે અમદાવાદમાં પૂ.આ.દે. શ્રી ગુણરત્નસૂરિ મ.ના એક શ્રમણ ભગવંતની નિશ્રામાં રાખી હતી. તેમણે પોતાનો સ્વાનુભવ આ રીતે જણાવ્યો હતો કે, "પૂજ્યશ્રીને જ્યારે સર્વપ્રથમવાર વિહારમાં જોયા ત્યારે એક સેકન્ડ તો એમના પ્રતિભાશાળી દેખાવને જોઇને લાગ્યું કે આ તો કોઇ બહુ મોટા ગચ્છાધિપતિ લાગે છે. એટલે તેમની સાથે વાત કરવામાં સહેજ સંકોચ થતો હતો. પણ પાછળથી તેમની સરલતાએ મારા બધા જ સંકોચને ઓગાળી દીધો અને તેમના સરળ સ્વભાવની જાણ થઇ."

બસ, છેલ્લે પૂજ્યશ્રીને એ જ પ્રાર્થના છે કે અમારા ઉપર સદા આપની કૃપાદૃષ્ટિ વરસાવતા રહેજો. ✦✦✦

૬૫

## જાગતું જીવન... ઝગમગતું જીવન...

- પૂ. સા.શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.

'અંતરમાં ગુંજતો હતો જિનભક્તિનો રાગ,
રોમે રોમમાં વ્યાપ્યો હતો વિષયનો વિરાગ;
મુખ પર સદા પ્રસરતો પ્રસન્નતાનો પરાગ,
એવા ગુરુદેવ પાસે માંગીએ અમે ગુણોનો અનુરાગ...

પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી આ.ભ.શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ. સા.ના ગુણો અપરંપાર છે. ગુરુ એટલે ધર્મક્ષેત્રની મા...

પુષ્પ જેવી પ્રસન્નતા, અમૃત જેવી મધુરતા. ચંદ્ર જેવી શીતલતા, પૃથ્વી જેવી સહિષ્ણુતા, સાગર જેવી ગંભીરતા, શંખ જેવી નિર્લેપતા. કમલ જેવી અલિપ્તતા : આ સર્વ ગુણો એમના રોમે રોમમાં વણાયેલા હતા. જ્યારે જુઓ ત્યારે હસ્તમાં પ્રત, હોંઠે અમૃત, જીવન હતું અપ્રમત્ત, આત્મદર્શન માટે જોરદાર ઝંખના, સ્વાધ્યાય જેનો વિસામો એવું એમનું જીવન હતું.

જીવન બે પ્રકારના હોઈ શકે છે : (૧) જાગતું જીવન (૨) ઝગમગતું જીવન...

(૧) જાગતું જીવન : પોતાનાં જીવનમાં પ્રમાદ છોડીને જાગૃતિ કેળવે, અનેક આત્માઓના માર્ગદર્શક બને તેને જાગતું જીવન કહેવાય છે. એવું જીવન સંયમી આત્માઓનું હોય છે.

(૨) ઝગમગતું જીવન : સૂર્યની જેમ પૃથ્વી પર જ્ઞાનનો પ્રકાશ પાથરીને જાય. એવું જીવન ઝગમગતું જીવન કહેવાય છે. એવું જીવન જ્ઞાની મહાપુરુષોનું હોય છે. ગુરુદેવનું જીવન જાગતું પણ હતું અને ઝગમગતું પણ હતું... અનેક ગુણોથી મઘમઘતું હતું. તેમની નજીક જનારને એમના સંયમની સુવાસનો અનુભવ થતો હતો. તેઓશ્રી ઘણા સરળ હૃદયના હતા. જ્ઞાન એમનો શ્વાસ હતો. ભણવું-ભણાવવું એમનો પ્રાણ હતો.મુંબઈ-ઘાટકોપર ચાતુર્માસ પૂજ્યશ્રીની નિશ્રામાં કરવાની તક મળી ત્યારે અમે પૂજ્યશ્રી પાસે બપોરે અભ્યાસ માટે જતા હતા. એક દિવસ અમે કીધું : ''આજે અમારે કાપ કાઢવાનો છે. અભ્યાસ માટે નહિ આવી શકાય.'' ત્યારે અમને કહે : ''કાપ બાર વાગે પૂર્ણ કરી દેવો, પણ પાઠનો સમય તો સાચવવો જ.'' અમે અમારા ગુરુ મ.ને આવીને કીધું કે આચાર્ય મ.સા. આવું કહે છે. તો ગુરુ.મ. પણ એ જ પ્રમાણે કહ્યું. ત્યારે અમને જ્ઞાનની કિંમત સમજાઈ. આવી તો બીજી ઘણી શિખામણો મને તેઓશ્રી આપતા.મને એમના પર ખૂબ શ્રદ્ધા છે.

જીવન એવું જીવી ગયા સૌ સદા તેમને યાદ કર્યા કરે. કંટકો વચ્ચે ખીલી ઊઠવાની કળા શીખવાડી ગયા. એમની જીવનપ્રભા રત્નત્રયીની રોશની ફેલાવનારી હતી, ચારિત્રના વિરાગને ચમકાવતી હતી. પરોપકારના પ્રદીપને પ્રગટાવનારી હતી, જાગૃતિની જ્યોતને પ્રગટાવતી હતી.

આવા ગુરુવર માટે અંતે એટલું જ કહીશ કે :-

''ગુરુ એસા કીજીયે, જૈસા પૂનમકા ચાંદ;
તાપ હરે પણ તપે નહિ, ઉપજાવે આણંદ...'' ✦✦✦

૬૬

## અજબ અસ્તિત્વ....વિરલ વ્યક્તિત્વ

પૂ.સા.શ્રી યશોધર્માશ્રીજી મ.

ગુરુવર ! તમારાં તેજ સામે સૂર્ય પણ ઝાંખો પડે;
ગુરુવર ! તમારાં ધૈર્ય સામે પૃથ્વી પણ પાછી પડે;
સાત્ત્વિક અને તાત્ત્વિક જીવનના સ્વામી છો ગુરુરાજશ્રી,
ગુણના નિધિ ! ગુરુ આપચરણે, શિર સદા ઝૂકી પડે.

આજે જ્યારે પૂજ્યશ્રીને શબ્દદેહ દ્વારા અંજલિ આપવાનો પ્રયાસ કરીએ છીએ ત્યારે અંતરમાં શબ્દોનો સાગર ઉમટી પડ્યો છે, દૃષ્ટિમાં ગુણોનો સાગર લહેરાઈ રહ્યો છે.અપાર-અમાપ ગુણનો ખજાનો લઈને બેઠેલા પૂજ્યશ્રી ગુણવૈભવી હતા. એમનું અસ્તિત્વ અજબનું,વ્યક્તિત્વ વિશાળતાભર્યું, સાધુત્વ સમતાપૂર્ણ હતું. પૂજ્યશ્રીની જીવનચર્યા-આચારો જ ઉપદેશરૂપ બની જતા હતા. એમના અસ્તિત્વથી આદર્શ મળતો હતો.વ્યક્તિત્વથી વ્યથા દૂર થઈ જતી હતી. 'શોર્ટ એન્ટ સ્વીટ' આ સૂત્ર એમની

વાણીનો શૃંગાર હતો.એમનું જીવન એક પ્રેરણાજ્યોત હતું. એમનાં જીવનનું દર્શન કરતાં સળંગ એક પછી એક ગુણોની સીરીયલ દેખાય છે. આખી જીવનસૃષ્ટિ જાણે ગુણોથી ઉભરાઈ રહી છે. ગાગરમાં ક્યારેય સરિતા સમાય નહિ પણ ગાગરમાં રહેલું સરિતાનું જલ શીતલતા અવશ્ય અર્પે છે.એમ આ કલમે પૂજ્યશ્રીના બધા ગુણો લખાય નહિ પણ થોડા ગુણોનું કીર્તન અમને ગુરુભક્તિનો અને ગુણાનુવાદનો લાભ અવશ્ય કરાવશે. પૂજ્યશ્રી અનેક ગુણોના **Collector** (કલેક્ટર), પ્રભુઆજ્ઞાના **Selector** (સીલેક્ટર), સાધુ-સાધ્વીવૃંદના **Minister** (મીનીસ્ટર), આત્મરોગના **Doctor** (ડોક્ટર) ચારિત્રચારના **Director** (ડીરેક્ટર) હતા. કેટલાક ગુણોનો સંક્ષિપ્ત ઉલ્લેખ કરીએ.

પૂજ્યશ્રીમાં ગંભીરતાનો ગુણ અત્યંત વિકસિત થયેલો હતો. ક્યારે ય પોતાની મહત્તાની-આપવડાઈની વાતો ન કરે. એમના હૃદયનાં વાત્સલ્યનું કોઈ માપ કાઢી ન શકાય. ગમે તેવી વ્યક્તિ સામે આવી હોય તેઓ ક્યારેય કોઈનો તિરસ્કાર કરતા ન હતા. એની પરિસ્થિતિ સમજી એને સંતોષ અને આનંદ અર્પતા હતા. અમારી જ વાત કરીએ. તો જ્યારે ધર્મધામ-નાગેશ્વરતીર્થનો અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ થયો ત્યારે પ્રતિષ્ઠાદિન મહા શુદિ-૧૪ના દિને વીશસ્થાનક તપના સળંગ વીશ ઉપવાસની ભાવના અમારા સા.શ્રી અલિપ્તયશાશ્રીજીને થઈ. પૂજ્યશ્રી સંપૂર્ણ રાત્રિ અંજનશલાકાવિધિમાં અને ત્યાર બાદ વહેલી સવારથી પ્રતિષ્ઠામાં મગ્ન હતા. સવારે ૯.૦૦ આસપાસ બધી વિધિ પૂર્ણ થઈ. અમને ભય હતો સાહેબજીની મોટી વય અને ઉજાગરા : એથી દેહથી થાકી ગયા હશે. પચ્ચખાણનું કેવી રીતે કહીએ ? છતાં ગભરાતાં પૂજ્યશ્રીને કીધું કે ''અઠ્ઠમનું પચ્ચખાણ લેવું છે. આપની નિશ્રામાં ૨૦ ઉપવાસની ભાવના છે.'' અને તરત જ પૂજ્યશ્રીએ પ્રસન્નતાથી પચ્ચક્ખાણ અને અપ્રમત્તભાવે સતત બે મિનીટ સુધી વાસક્ષેપની ધારા વરસાવી. ત્યારે એમ થયું શું સાહેબજીનું વાત્સલ્ય-અપ્રમત્તતા અવર્ણનીય છે!

ચેમ્બુરતીર્થના સુવર્ણમહોત્સવની ઉજવણી સમયે પ.પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. આદિ અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોએ વર્ષીતપનો વિચાર કર્યો. મારો વડીદીક્ષાનો દિવસ આવ્યો. તે દિવસે પૂજ્યશ્રીએ વર્ષીતપ માટે પ્રેરણા કરી. કોઈ જ શક્તિ-અનુકુળતા ન હોવા છતાં પૂજ્યશ્રીની પાવન પ્રેરણા - આશીર્વાદ અને નિશ્રાથી મારો વર્ષીતપ નિર્વિઘ્ન થયો. કુલ ૨૭ સાધુ-સાધ્વીજીનો અને ૨૨૫ ગૃહસ્થોના વર્ષીતપ થયા. પૂજ્યશ્રીનું સાન્નિધ્ય પ્રાપ્ત કરી અમે ધન્યતા અનુભવી રહ્યા હતા.

અમેરિકા હોય કે અમદાવાદ હોય, લંડન હોય કે લુધિયાણા હોય, મુંબઈ હોય કે મલેશિયા હોય, સૂર્યનો ઉદય-સૂર્યનો પ્રકાશ ચોમેર પ્રસરે છે અને દિવસનો પ્રારંભ થાય છે. રાત ભલે ચંદ્રની શીતલતાથી સુહાની હોય પરંતુ સૂર્યનો ઉદય વ્યક્તિનાં જીવનમાં એક નવી આશા લઈને દિવસનો પ્રારંભ કરાવે છે. આ સૂર્યની વિશેષતા છે. એવી અનેકાનેક વિશેષતા સૂર્યની રહેલી છે. એટલે જ જૈનેતરોમાં સૂર્યદેવને પ્રભાતે ઊઠીને નમસ્કાર કરાય છે. અધ્યાત્મજગતના સૂર્ય જેવા પૂજ્યશ્રી હતા કે જેમના નામમાં જ 'સૂર્યોદય' હતો.

સૂર્યની ત્રણ વિશેષ મુખ્યતા છે. (૧) અંધકારનાશ (૨) આતપનામકર્મોદય (૩) સહસ્રરશ્મિ. સૂર્ય જેમ અંધકારનો નાશ કરે છે તેમ ન્યાય-વ્યાકરણ-સાહિત્યતીર્થ શાસ્ત્રવિશારદ પૂજ્યશ્રી પણ અજ્ઞાનાંધકારનો નાશ કરતા હતા એમની પાસે પ્રશ્ન રજૂ કરતાં જ તેઓ મનનાં સંશય જડમૂળથી નાશ કરી દેતા હતા. કારણકે તેમની પાસે અજોડ જ્ઞાનનો પ્રકાશ હતો. જ્યારે એમની સાથે જ્ઞાનગોષ્ઠિ થાય ત્યારે ખબર પડે કે જ્ઞાનની સાથે તેમની અનુપ્રેક્ષા કેવી અદ્‌ભુત હતી. જ્ઞાનસંબંધી એમની પ્રેરણાનો પ્રસંગ જોઈએઃ

હું જ્યારે દીક્ષાજીવનના પ્રારંભકાળે હતી ત્યારની વાત.મારા સંયમજીવનનું બીજું વર્ષ હતું. લગભગ ૧૫ વર્ષની ઉંમર હતી. ચપળતા ઘણી, સાથે જ્ઞાનનો ક્ષયોપશમ પણ દેવ-ગુરુકૃપાથી પ્રમાણમાં સારો. એક વાર જ્યારે એમની પાસે વંદનાર્થે જવાનું થયું ત્યારે અભ્યાસની વાત કાઢી કે 'અભ્યાસમાં શું ચાલે છે ?'' મેં કીધું ''તત્ત્વાર્થ'' અને એમણે પ્રેરણા કરી કે જ્યાં સુધી તત્ત્વાર્થ ન થાય સુધી ચા નહિ વાપરવી. તે સમયે મને ચા ખૂબ પ્રિય હતી. પરંતુ પૂજ્યશ્રીની પ્રેરણા થતાં ચાનો ત્યાગ કર્યો. તત્ત્વાર્થ તો સરસ થયું. પણ કાયમી લાભરૂપે ત્યારથી આજીવન ચાનો ત્યાગ થયો. આગળ જતાં અમારા પરિવારમાં ક્યારે ય પણ ચા વપરાઈ નહિ.

સૂર્યની બીજી વિશેષતા છે કે એના વિમાનના રત્નનો પ્રકાશ બહારથી ઉષ્ણ પરંતુ સ્વભાવથી શીતલ હોય. બસ, પૂજ્યશ્રી પણ એવા જ હતા. બહારથી સૂર્ય જેવા તેજસ્વી હોવાથી ડર લાગે. પહેલી વાર તો થાય કે પાસે જવું કેમ? પરંતુ જ્યારે નજીક જઈએ ત્યારે તેઓ વાત્સલ્યથી ભીંજવી દેતા હતા.

સૂર્યનું બીજું નામ સહસ્રરશ્મિ. એનાં હજાર કિરણ છે.પૂજ્યશ્રીના જીવનમાં અજોડ શાસન પ્રભાવના - જિનાલયો આદિના નિર્માણ- અદ્‌ભુત તાત્ત્વિક ગ્રન્થો - આચારશીલતા - પ્રસન્નતા-અપ્રમત્તતા જેવા હજાર હજાર ગુણરશ્મિ પ્રકાશમાન હતા.

પૂજ્યશ્રીનાં નામની જેમ જ જીવનનો ઉદય હંમેશા વધતો જ રહ્યો છે. અદ્‌ભુત શાસનપ્રભાવના એક પછી એક ચાલતી જ હતી. છેલ્લે એક સાથે સળંગ છત્રીશ શાસન-કાર્યો થયા. અમે તો એવું માનીએ છીએ કે પૂજ્યશ્રીની પુણ્યાઈનો સૂર્યોદય એવો અજોડ પ્રગટ થયો હતો કે તે આ ભરતક્ષેત્રમાં પૂરો ઝળહળી શકે નહિ, માટે જ પૂજ્યશ્રી અમને નિરાધાર મૂકી ઉત્તમ-શ્રેષ્ઠ એવા મહાવિદેહ ક્ષેત્રની વાટે સંચરી ગયા.

મધ્યાહ્‌ને પ્રકાશતાં સૂર્ય જેવા બનેલ પૂજ્યશ્રીએ એકાએક જ જાણે કે જીવનનો અસ્ત કર્યો - જીવનલીલા સંકેલી લીધી.એકદમ આવી પડેલી આ આપત્તિ અમારા હૈયાં ધ્રુજાવી ગઈ, સાવ શૂન્યાવકાશ છવાઈ ગયો. વાત્સલ્યનું વૃંદાવન, આસ્થાનું આનંદવન, સમતાનું સહસાવન, તપ-ત્યાગનું તપોવન, સાધનાનું સોમનસવન, પુણ્યનું પાંડુકવન, ચારિત્રનું ચંપકવન, જાણે કે કરમાઈ ગયું... સુકાઈ ગયું... મુરઝાઈ ગયું. અમે પૂજ્યશ્રીની નિશ્રામાં હજી વિશેષ આરાધનાનો આનંદ માણીએ, પ્રેરણાનો પ્રકાશ પામીએઃ આ બધું કુદરતથી જોવાયું નહિ અને અમારા વચ્ચે રહેલા કોહીનૂર હીરાને ઝુંટવી લીધો ...અમારું છત્ર છીનવી લીધું...કલ્પી ન શકાય તેવી વસમી વિદાય કાળજુ કંપાવી ગઈ. પૂજ્યશ્રી પધાર્યા અને અમે સાવ સૂના થઈ ગયા, પૂજ્યશ્રી ! ખરેખર અમે સાવ અધૂરા થઈ ગયા.

''પૂજ્યશ્રી હતા અમારા મનના મોતી, ગગનમાંથી કોક લાવો ગોતી,
આંખડી અમારી હીબકે રોતી, વંદન કરવા વાટલડી જોતી.''

દીપ બુઝાયો આયુષ્યનો, આતમ ગયો અનંત પ્રવાસે ;
હૈયું રડે આંખો રડે, હવે જીવવું સ્મૃતિ સંગાથે.

પૂજ્યશ્રી ! આપે અમોને બધું જ આપ્યું. અફસોસ છે કે એક અણમોલ વસ્તુ નથી આપી . એ છે આપનું સરનામું...

હંસ જ્યાં જાય ત્યાં એને સરોવર મળી જાય છે. તેમ પૂજ્યશ્રી જ્યાં પધાર્યા હશે ત્યાં એમને પોતાની સાધનાનું સરોવર મળી જશે. ખોટ તો એ સરોવરને પડી કે જે સરોવરમાંથી હંસ જતા રહ્યા. કાળની આગળ કોઈનું ચાલતુ નથી. અંતે પૂજ્યશ્રીનો

આત્મા જે ઉચ્ચસ્થાને પહોચ્યો હશે ત્યાં પ્રભુશાસન પામી સંયમસ્વીકાર કરી સાધનાના શિખરે ચઢી શાશ્વત સુખના ભોક્તા બને એ જ કામના..

* * *

પ.પૂ. સિદ્ધહસ્તસાહિત્યસર્જક શાસનપ્રભાવક ગુરુવિરહના નીતરતા નયને ગુરૂભક્તિની ઝંખના કરતા પ.પૂ. આ.શ્રી રાજરત્ન સૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. ગણિવર્ય શ્રી રશ્મિરત્નવિજયજી મ.સા. આદિ મુનિવૃંદ...

પ્રૌઢ પ્રભાવશાળી દીર્ઘ સંયમી સમતામૂર્તિ પ.પૂ. આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની વૈયાવચ્ચને આપ સહુએ પોતાનો જીવનમંત્ર બનાવી દીધો હતો. આપ સહુએ પૂજ્યશ્રીના અંતિમ શ્વાસ સુધી સમતા-સમાધિના અમીપાન કરાવ્યા અને નવકારમંત્રના સ્મરણના સ્નાન કરાવ્યા. પણ પૂજ્યશ્રી ન રહ્યા. આખી જીંદગી પૂજ્યશ્રી વિના વિતાવવી વેરાન લાગશે. પૂજ્યશ્રીની નિશ્રામાં - સાંનિધ્યમાં આપ સહુને હાશ હતી. વાત્સલ્યના વટવૃક્ષ નીચે શીતલતાનો અનુભવ કરી રહ્યા હતા. હવે પૂજ્યશ્રી વિના...?

સતત ગુરુસેવા-ભક્તિ કાજે સર્વસ્વ સમર્પણ કરી ગુરુસેવાનો જ જાપ કરતા પૂ. આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. ! આપની મનઃસ્થિતિ કેવી વિકટ હશે. કલ્પના કરવી અશક્ય છે.

પૂજ્યશ્રીની દિવ્યદૃષ્ટિ સતત સહુ પર કરુણાભાવથી - વાત્સલ્યભાવથી વરસતી રહે, મહાવિદેહથી મુક્તિલોકની સફર ખેડવા ગયેલ પૂજ્યશ્રીના ચરણોમાં વંદનનો ઉપહાર અર્પણ કરી એ અનગાર આત્માની સ્મૃતિનો શણગાર આપનો જીવનવૈભવ બને એ જ અંતરની અભિલાષા.

* * *

### પૂજ્યશ્રીને પ્રતીક્ષાપત્ર

ઓ પ્રાણપ્યારા પૂજ્યશ્રી !!!...

આજે આપશ્રીને અમારી નિર્મળ ભક્તિ, નિસ્વાર્થ સંવેદના અને પ્રાર્થના પહોંચાડવા વિનંતિપત્ર પાઠવી રહ્યા છીએ. આપ એને હૃદયથી સ્વીકારશો એવી દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ છે જ.

એક માત્ર આધાર એવા આપશ્રી અમને છોડીને ચાલ્યા ગયા છો. આપનાં દર્શન - વંદન અને વાણીના વરસાદ વિના અમારા સહુની કઈ મનઃસ્થિતિ હશે ?અમારા જીવનની કઈ ગતિ હશે? એ આપની જાણ બહાર તો નથી ને?

વાત્સલ્યસાગર પૂજ્યશ્રી! ઘણી વાટ જોવા છતાંય આપ નથી પધાર્યા. પ્રતીક્ષાની પરીક્ષા આટલી આકરી હશે તેની અમને જાણ ન હતી. આપના વિયોગની વ્યથામાં અમે પીગળી રહ્યા છીએ, પ્રતીક્ષાની પાવક જ્વાળામાં દાઝી રહ્યા છીએ, ભાવનાની ભઠ્ઠીમાં ભડથુ થઈ રહ્યા છીએ, હે પૂજ્યશ્રી ! હજુ નહી પધારો...!! ભાંગેલા હૃદયે અને કંપતા હાથે આ પત્ર આપને પાઠવી રહ્યા છીએ. અમારા આ હૃદયનો ભાવ એક વાર તો નિહાળો ! કેટલો છે આપના પ્રત્યેનો સદ્ભાવ !

પૂજ્યશ્રી ! ચંદનબાળાની આંખમાંથી વહેતા વિરહની વેદનાના આંસુઓથી ભગવાન મહાવીરને પણ ચંદનાના આંગણિયે પાછા ફરવું પડ્યું હતું. તો આપના વિયોગની વ્યથામાં... વિરહની વેદનામાં...આંસુના સરોવર ભરી ચૂકેલા આ આપના બાળપરિવારનાં આંગણિયે શું આપ નહિ પધારો ? અમારી આ વિનંતિ આપના હૃદયને નહી ભીંજવી દે? અમારા આંસુને આપ નિષ્ફળ તો નહી જવા દો ને ? અમારી આ વિનંતિ સ્વીકારશો ને? ઝટઝટ વહેલા દર્શન દેશો. આપના આગમનની અમે અનિમેષ નયને પ્રતીક્ષા કરી રહ્યા છીએ. આ પ્રતીક્ષા ક્યારે પૂર્ણ થશે?

✦✦✦

## ૬૭ 'સૂર્યોદય'નાં તેજસ્વી કિરણો

- પૂ. સા.શ્રી મોક્ષરસાશ્રીજી મ.

પૂજ્યપાદ પરમ શાસનપ્રભાવક આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબ !! લોકોત્તર એવા તેમના ગુણોની શબ્દપંક્તિમાં ગુંથણી કરવી એ શક્તિ બહારની વાત છે. અગણિત ગુણોની સ્મૃતિ થતા કર, કલમ અને કાગળની શક્તિ વામન જણાય છે. છતાં પણ ગુરુભક્તિરૂપે આ નાનકડો અંજલિલેખ લખવો છે.

પરમાત્મા પાસે પહોંચવા ગુરુવર્ય પ્રવેશદ્વાર છે. ગુરુદ્વારમાં પેસતાં જ સુખ આપનારું પ્રભુદર્શન થાય છે. ભવોભવની ભાંવઠ ભાગી જાય છે.

સાગરનો તાગ ન મળે, આકાશનું માપ ન મળે, ધરતીનો છેડો ન મળે, તેમ આવા મહાન ગુરુવરનાં હૃદયનું ઊંડાણ ન મળે. સૂરીશ્વરના દિવ્યચક્ષુમાં પરમાત્માની ઝલક દેખાતી હતી, અરિહંતના એંધાણ વર્તાતા હતા. વ્યક્તિની દૃષ્ટિ-વૃત્તિ બદલાઈ જતી હતી, સ્વભાવનો ઉકળાટ શમી જતો હતો, સંસારનું આકર્ષણ ઓગળી જતું હતું. એ જ ગુરુભગવંતની અસીમ કૃપાનું બળ હતું.

ગુરુદેવે પૃથ્વી ઉપર જન્મ પામી માતાને રત્નકુક્ષી બનાવ્યા, દીક્ષાપાલનથી શાસનને ધન્ય બનાવ્યું, દીક્ષાઓ આપી શિષ્યવૃંદને ધન્ય બનાવ્યું તેમજ આરાધના કરાવી અનેકાનેકને ધન્ય બનાવ્યા.

પૂજ્યપાદ યુગદિવાકર આ. ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ. સા.ની અખંડ ૩૮ વર્ષોની સેવાએ એમને ભવિષ્યમાં મહાન શાસનપ્રભાવક જૈનશાસનના ધોરી મહાન આચાર્યભગવંત બનાવ્યા, તો દીક્ષાના પ્રારંભથી સતત જ્ઞાનસાધના-અધ્યયન-અધ્યાપને એમને જબરજસ્ત જ્ઞાની મહાપુરુષ બનાવ્યા. પૂ. યુગદિવાકર ગુરુદેવ પછી એમના સમુદાયમાં શાસનપ્રભાવનાઓ-વિદ્વત્તા-શિષ્યપરિવાર-પુણ્યાઇ વગેરે તમામ દૃષ્ટિએ તેઓ જ પૂ. યુગદિવાકર ગુરુદેવના વારસદાર બન્યા હતા. એ તેઓશ્રીએ કરેલ ગુરુદેવની નિષ્કામ ભક્તિનું પરિણામ હતું.

અપ્રમત્તપણે રત્નત્રયીની આરાધનામાં સતત જાગૃત હોવા છતાં કર્મરાજાએ ઘેરી લીધા. માંદગીમાં મૌન દ્વારા, વ્યાધિમાં પણ સમાધિનો સંદેશ સુણાવતા આપણી વચ્ચેથી

અલવિદા થયા. કોની પાસે મનની મૂંઝવણ, ચિત્તની ચિંતા, અંતરની અકળામણ જઇને મટાડીશું?

શાસન શિરોમણિ મહાન ગુરુવર્યનાં જીવનમાં રહેલા આદર્શોને જીવનમાં અપનાવી, આજ્ઞાનું યથાશક્તિ પાલન કરી ઋણમાંથી મુક્ત બનીએ એ જ મનેચ્છા. અંતરીક્ષથી આશીર્વાદની અમીવર્ષા સદા વરસાવતા રહેજો એ જ અભિલાષા સાથે સૂરીશ્વરના ચરણોમાં કોટિ કોટિ વંદના.

ગુરુજીની વસમી વિદાય, સતાવે યાદ સદાય,
જગતને મંત્ર અર્પી દિવ્ય પંથે ગયા,
તારણહાર બની અમીદષ્ટિ કરી ગયા,
પ્રેમ વરસાવી હૃદય જીતી ગયા,
હાકલ કરી અહિંસાની, મૈત્રીભાવ દેતા ગયા,
જન્મી જગે તારક બની માર્ગ બતાવી ગયા,
તિમિરનો નાશ કરી પ્રકાશ પ્રગટાવી ગયા.

✦✦✦

૬૮

## પૂજ્યશ્રીના આશીર્વાદઃ એક અમોઘ શક્તિ ...

– પૂ.સા. શ્રી વિરતિધરાશ્રીજી મ. (પૂ. યુગદિવાકર સમુદાયના)

તરુવર સરોવર સંતજન, ચોથા વરસત મેહ ;

પરઉપકાર કે કારણે ચારે ધરીયા દેહ...

* તરુવર = વૃક્ષનો સ્વભાવ છે ફળ આપીને સામાની ક્ષુધાને શાંત કરવાનો.

* સરોવર = સરોવરનો સ્વભાવ છે જગતના જીવોની તૃષાને શમાવવાનો.

* મેઘ = મેઘનો સ્વભાવ છે ધરતીને લીલીછમ બનાવવાનો. દાણા વગેરે આપીને જીવોની ક્ષુધા દૂર કરવાનો.

* સંતજનનો સ્વભાવ છે સંસારના તાપથી બળી રહેલા જીવોને શાંતિ આપવાનો. વાત્સલ્યસભર વાણીથી જીવોને આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્તિ અપાવવાનો. આવા જ એક શાસનપ્રભાવક સૂરિદેવ એટલે પ.પૂ. પ્રૌઢપ્રભાવશાળી મહાન શાસનપ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ. જેમનો જન્મ રત્નોની ખાણ તરીકે પ્રસિદ્ધિ પામેલ દર્ભાવતી નગરમાં થયેલ. પૂ.આ.ભ.શ્રીએ બાલ્યવયથી જ સંસ્કારનું સિંચન પામીને એક મોટા ઘટાદાર વડલાની જેમ જીવનનો સર્વાંગીણ વિકાસ કર્યો.

તેઓએ બાલ્યવયમાં ચારિત્ર ગ્રહણ કરી ખૂબ જ્ઞાન પ્રાપ્ત કરીને ન્યાય-વ્યાકરણ સાહિત્ય - તીર્થની પદવી ગ્રહણ કરી જૈન શાસનની ખૂબ ખૂબ પ્રભાવના કરી હતી. યુગદિવાકર ગુરુદેવનાં અધૂરાં કાર્યો બધા જ પૂરા કર્યાં. શાસનમાં ધર્મનો ધ્વજ ફેલાવી જયજયકાર વર્તાવી અમરતાને પ્રાપ્ત કરી છે. તેઓ ક્યારે પણ દેહની સંભાળ કરતા ન હતા. શાસનના કાર્ય માટે રાત-દિવસની પરવા ન હતી. જ્યારે જ્યારે કોઇ પણ કાર્ય આવી પડે ત્યારે આટલી ઉંમરે પણ એક યુવાનને છાજે એવો પરિશ્રમ કરતા હતા. જ્યારે પણ જુઓ ત્યારે હસતા જ દેખાય. પૂજ્યશ્રી પાસે નાના-મોટા-બાળક-વૃદ્ધ કોઇ પણ વંદન કરવા જાય ત્યારે ધર્મની આશિષ આપતા જ હોય. તેઓશ્રી આજે પણ અમને એ જ મુદ્રામાં દેખાઇ રહ્યા છે. ગુરુદેવના દર્શનથી ચંદન જેવી શીતલતા પ્રાપ્ત થતી. એમના આશીર્વાદની શક્તિનો એક પ્રસંગ લખું છું : પાલિતાણામાં સ્થિર રહેલા મારા વડીલ ગુરુજી પૂ. જયનંદિનીશ્રીજી મ. ની વર્ધમાનતપની ૮૩મી ઓળી પૂર્ણ થયા બાદ ૮૪મી ઓળી કોઇ પણ કારણથી અટકતી હતી. બે-ત્રણ વખત ઉપાડી છતાં પણ પારણું જ કરવુ પડતું. કોઇ પૂર્વભવના અંતરાયના કારણે પૂર્ણ થતી ન હતી. તે ૮૪મી ઓળી પણ આ જ પૂ. ગુરુદેવના શુભાશિષ મળ્યા અને પ્રેરણા મળી એટલે પૂરી થઇ. અને તેઓ હાલ ૭૬ વર્ષની વયે ૯૯મી ઓળી પૂર્ણ કરીને ૧૦૦મી ઓળી સુધી પહોંચી ગયા. એ પણ પૂ. આચાર્યદેવશ્રીના શુભાશિષનું ફળ જ કહેવાય ને? જ્યારે પૂજ્યશ્રીનું ચાતુર્માસ દર્ભાવતી તીર્થમાં હતું ત્યારે દર્ભાવતીથી પૂ. ગુરુદેવશ્રી તથા પૂ.આ. ભ. શ્રી રાજરત્નસૂરિજી મ. છ'રી પાલક સંઘ સાથે પાલિતાણા પધારવાના હતા અને પૂ. આ.શ્રી મહાપદ્મસૂરિજી મ. વલ્લભીપુરથી સંઘ સાથે પાલિતાણા પધારવાના હતા. તપસ્વી જયનંદિનીશ્રીજી મ.ને વિચાર આવ્યો કે આપણા ત્રણ ત્રણ મહાન ગુરુદેવો પધારી રહ્યા છે તો તેમની નિશ્રામાં ૯૦મી વર્ધમાન તપની ઓળીનું પારણું થાય. ૧૦૦મી ઓળી તો ખૂબ જ દૂર છે. ઉંમરના કારણે થાય કે ન પણ થાય. તો આ આવેલી તક મારે ગુમાવવી નથી. બસ, હું આને ૧૦૦મી ઓળીનું પારણું માની લઇને સંતોષ માનીશ. અમને ખૂબ જ ઉત્સાહ અને આનંદ હતો અને એ પ્રસંગ પણ સવાયો ગુરુ મ.સા.ની નિશ્રામાં ઉજવાયો. બન્ને પરિવારની નિશ્રા મળી. ખૂબ ખૂબ ધામધૂમપૂર્વક સેંકડો માણસની મેદનીમાં ઉલ્લાસપૂર્વક પારણું થયું. આજે પણ આંખ સામે દશ્ય ખડું થાય છે અને રોમાંચ ખડા થાય છે. ૧૦૦મી ઓળીના આશીર્વાદ પણ ગુરુદેવના પ્રાપ્ત થયેલા જ છે અને અમને પૂર્ણ શ્રદ્ધા છે કે ગુરુદેવના શુભાશિષથી ૧૦૦મી ઓળી પણ નિર્વિઘ્ને પૂરી થશે. આપ જ્યાં પણ બિરાજમાન હોય ત્યાંથી અમારા પર અમીદષ્ટિ વરસાવશો. જેથી અમો તપ-જપ-ધ્યાન-આરાધના દ્વારા કર્મો ખપાવી મુક્તિપદના અધિકારી બનીએ બસ એ જ પ્રાર્થના. ✦✦✦

૬૯

# સાધુત્વનું સૌંદર્ય ધરાવનારા

-પૂ. સા.શ્રી યશોનંદિનીશ્રીજી મ.

પ.પૂ. મહાનશાસનપ્રભાવક શાસનજ્યોતિર્ધર આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. એટલે દર્ભાવતી નગરીના કોહીનૂર હીરા...

દર્ભાવતી નગરીમાં માતા મણિબેનની કુક્ષિમાં આવેલ રત્ન શાસનનો હીરો બનશે, તેવી કલ્પના માતાને જન્મથી જ બેસી ગઇ હતી.આ દીકરો મારા કુળને અજવાળશે એવી પિતાને પહેલેથી જ જાણ થઇ ગઇ હતી. આ તેજસ્વી બાળક અમારા કુળને દીપાવશે એવા સમાચાર તો પરિવારજનોને એને બાલવયમાંથી જ આપી દીધા હતા.

ગગનમાં તારલિયા જેમ ચમકતાં હોય છે તેવી રીતે પૂજ્યશ્રી શાસનરૂપી ગગનમાં ચમકતાં સિતારા હતા. સદ્‌ગુણોનાં સામ્રાજ્યે ચારે તરફ ચારિત્રની શીતળ સુવાસ ફેલાવી અને પૂરી જિંદગીમાં હજારો લોકોને આદર્શ મળે તેવાં કાર્યો કર્યા.

પૂજ્યશ્રી ઘણા ઉદાર, સરળ, દયાળુ, માયાળુ, લાગણીશીલ અને હિતચિંતક હતા. તેઓએ પોતાનું સાધી લીધું અને ઘણું-ઘણું શાસનન-સંઘને-સમુદાયને આપી ગયા.પોતે નિખાલસ હૃદયના, દિલાવર દિલના મહાત્મા હતા. શાસનના એક એક કાર્યોમાં સદા તત્પર અને જાગૃત હતા. અમારા સમુદાયનું શિરછત્ર ચાલી ગયું. અમે સહુ આધાર વિનાના થઇ ગયા. તેઓનો ઉપકાર અમારાથી વાળી શકાય તેમ નથી. અમારા ભાગ્યમાં તેમનાં છેલ્લા દર્શન, વંદન કરવાના નહીં લખ્યા હોય. ગુરુની વિદાયથી અતિ આઘાત થયો. કહેવાય છે કે જેમની અહીં જરૂર છે એમની ત્યાં પણ જરૂર છે. તેમની વિદાયથી ઠેર ઠેર અંધકાર છવાઇ ગયો. મુંબઇમાં ઉપકાર છે. પણ બહારના સંઘોમાં ય તેમનો અવિસ્મરણીય ઉપકાર છે. તેમાં પોતાની માતૃભૂમિ ઉપર તો અગણિત ઉપકાર છે. વાત્સલ્ય વારિધિ ગુરુદેવે દેહથી ચિર વિદાય લીધી. પૂજ્યશ્રીના સાક્ષાત્ દર્શન, વંદનથી અમે દૂર થયા. પરંતુ કાર્ય સ્વરૂપે, ભાવ સ્વરૂપે, લાગણી સ્વરૂપે અનેક ભાવિકોનાં દિલમાં તેઓની સ્મૃતિ કાયમી રહી ગઇ છે. તે કદી પણ વિસ્મૃત નહીં બની શકે.

પૂ. ગુરુદેવના કાળધર્મના સમાચાર એકાએક ઓચિંતા સાંભળી અમોને તો ઘણું દુઃખ થયું. હજુ બે દિવસ પહેલા સાંભળ્યું કે ગુરુદેવનું સ્વાસ્થ્ય સુધરી રહ્યું છે, પણ અચાનક તેઓ અમને સૌને છેતરીને ચાલ્યા ગયા. આજે એ પૂજ્યશ્રીને કહેવું છે કે : ‘‘આપ તો અલૌકિક સુંદર, સારા સ્થાનમાં જઇ વસ્યા. ખરેખર અમે જ અભાગી કે આપનો વિયોગ થયો. અમોને જે દુઃખ થયું તેની કોઇ સીમા નથી. હવે ક્યારે આપ મળશો? આપની સ્મૃતિ હૈયે સદૈવ રહેશે.

ચોધાર આંસુ સારે છે, શ્રમણ-શ્રમણી-નર-નારી,
આશા અધૂરી રહી ગઇ, ગુરુ દર્શન કરવાની,
ગુરુ ગુરુ કરતા રહ્યાં છીએ, સૌ અત્યંત ઝૂરી,
સૂરિજી વિના ભાસે છે આ પાટ સૂની સૂની...

તેઓશ્રી કાર્યથી અમર થઇ ગયા. હૃદયમાં ગુરુભક્તિ અજોડ હતી. બિમારીએ હુમલો કર્યો છતાં સમતાનો કિનારો ન હતો. સમાધિનો પાર ન હતો, સહનશક્તિની સીમા ન હતી. જેના રોમરોમમાં ખૂણેખૂણામાં એકેક આત્મપ્રદેશે સમતા અને સહિષ્ણુતાના સૂરો સંભળાતા હતા. એવા આત્માને અમારા લાખ લાખવાર વંદન.

જે સરોવરને છોડી હંસલો ઉડી જાય, ત્યારે તે હંસલો પોતાનું સ્થાન મેળવી જ લે છે. પણ જ્યાંથી તે જાય તે સ્થાન શોભા વિનાનું બની જાય છે. પૂ. ગુરુદેવનો પરિચય ૨૦૨૩માં જ્યારે મલાડ દેવચંદ નગરમાં ઉપધાન કરાવ્યા ત્યારે થયો. અમે પણ ઉપધાનમાં જોડાયા હતા. ત્યારબાદ દીક્ષાની ભાવના થઇ અને પછી તો વારંવાર મળવાનું થતું રહ્યું. પૂજ્યશ્રીના પ્રેમાળ વ્યવહારની ત્યારે ઝાંખી મળતી રહી.

તેઓશ્રીનાં અધૂરા કાર્યો, ધારેલા કાર્યો પૂરા કરવાની પૂ. રાજરત્નસૂરિજી મ.સા.ને શાસનદેવી શક્તિ આપે એ જ ઇચ્છા. ✦ ✦ ✦

## ૭૦ અમારા પરમ ઉપકારી

-પૂ. સા.શ્રી કલ્પરત્નાશ્રીજી મ.

ગુરુ એટલે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશને પાથરનાર. ગુરુ એટલે ભવસમુદ્રમાં ડૂબતાં પ્રાણીઓને સામે કિનારે લઇ જનાર. ગુરુ એટલે દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધર્મોપદેશ દ્વારા સદ્ગતિ તરફ લઇ જનાર. આવા પરમોપકારી, ભવોદધિતારક ગુરુદેવશ્રીના ગુણોને વર્ણવવા ઉપમાઓ ઓછી પડે, વિશેષણો વામણાં લાગે. પરાર્થપ્રિયતા, સરળતા, પ્રવચનમાં પટુતા, ક્રિયામાં ચુસ્તતા, વાણીમાં મધુરતા, પ્રકૃતિમાં સરળતા, વિચારમાં સ્પષ્ટતા, ચિંતનમાં સ્થિરતા વગેરે ગુણોના ધારક, ન્યાય વિશારદ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. અમારા પરમ ઉપકારી ગુરુદેવ હતા.

પરમજ્ઞાની અનેક શાસ્ત્રવિશારદ ઠેર ઠેર જિનાલય-ઉપાશ્રયોના નિર્માતા ઉપધાન તપ-પદયાત્રા સંઘો આદિ વિવિધ શાસનપ્રભાવનાઓ કરનાર પૂજ્યશ્રી અમારા સમુદાયના જનહિ, શાસનના ઝળહળતા સૂર્ય હતા. આમ છતાં તેઓ અમારા જેવા સામાન્ય સાધ્વીજીઓની કાળજી રાખવામાં જરા ય ઊણપ ધરાવતા ન હતા.

પૂજ્યશ્રીનો એક પ્રસંગ યાદ આવે છે.

સમાધિમગ્ના ઉપકારી ગુરુદેવ પૂ. સા. કલ્પલતાશ્રીજી મ.સા.ના શિષ્યા તપસ્વી હિતજ્ઞાશ્રીજી મ. આદિ ઠાણા ૪ મુંબઇ ચાતુર્માસાર્થે ગયા હતા, ત્યારે શેષકાળમાં વસઇ ગામમાં પૂજ્ય આચાર્યશ્રી બિરાજતા હતા. હિતજ્ઞાશ્રીજી મ.ને વર્ધમાન તપની ૯૭મી ઓળી ચાલતી હતી. પારણાનો દિવસ નજીક આવ્યો હતો. તે વખતે ત્યાં ઉપધાનતપની આરાધના ચાલી રહી હતી. આશ્રિતગણવત્સલ પૂજ્યશ્રીને થયું કે મોટી ઓળી છે તો પારણું એમ ને એમ નથી કરાવવું. પારણાની ઉછામણી કરાઇ. અમે તો વસઇ ગામના ભાવુકોથી અજાણ હતા. પરંતુ પૂ. આચાર્યદેવની પ્રભાવકતાથી માતબર ઉછામણી થઇ.

વિ.સં.૨૦૬૦માં પૂજ્યશ્રી પોતાના વિશાળ પરિવાર સાથે મુંબઇથી ઉગ્ર વિહાર કરી અમદાવાદ ફતેહપુરા ધર્મ વિહાર જૈન સંઘમાં પધારતા મારા ગુરુદેવ પૂ. સા.શ્રી કલ્પલતાશ્રીજી મ. તેમજ સા. કલ્પરત્નાશ્રીજી-સૌમ્યરસાશ્રીજી-કલ્પગિરાશ્રીજી-કલ્પહિતાશ્રીજી મ. ના ૫૦૦ આયંબિલ તપ-૨૨૯ છઠ્ઠ તપ આદિના પારણા પૂજ્યશ્રીની પવિત્ર નિશ્રામાં ભવ્ય મહોત્સવપૂર્વક થયા હતા.

અમારા ઉપકારી ગુરુદેવ શ્રી કલ્પલતાશ્રીજી મ.નું કેન્સર જેવા રોગની પીડા દ્વારા એકાએક સ્વાસ્થ્ય નાદુરસ્ત થયું. પૂ. સૂરિજીએ સમાચાર સાંભળ્યા કે તુર્ત જ પોતાનાં સર્વ કાર્યો એક બાજુ મૂકી અમારા ગુરુજીને સમાધિ આપવા પધાર્યા હતા. આવા તો ગુરુવર પરાર્થપરાયણ હતા. તેમના માટે જેટલું લખાય તેટલું ઓછું જ છે. ✦✦✦

## ૭૧ ગુરુદેવનું અભિયાન : Clean શ્રમણ...Green શ્રમણ...

–પૂ.સા. શ્રી વિશ્વરત્નાશ્રીજી મ.

સૂર્યોદયથી મધ્યાહ્‌ન સુધીની સૂર્યની વિકાસયાત્રા એ પ્રકાશયાત્રા છે...
બીજથી પૂનમ સુધીની ચન્દ્રની વિકાસયાત્રા એ ઉજાસયાત્રા છે...
બાળપણથી યુવાની સુધીની દેહની વિકાસયાત્રા એ પુદ્ગલયાત્રા છે...
સર્વિસથી બિઝનેસ સુધીની અર્થની વિકાસયાત્રા એ પ્રગતિયાત્રા છે...
ધરતીથી ગગન સુધીની સાયન્સની વિકાસયાત્રા એ ઉર્ધ્વયાત્રા છે...
તો..નિગોદથી નિર્વાણ સુધીની આત્માની વિકાસયાત્રા એ અધ્યાત્મયાત્રા છે...

અજ્ઞાનના ઘોર અંધકારથી કેવળજ્ઞાનના પ્રકાશ સુધીની આ અંતરયાત્રાના અનેક પરિબળો પૈકી પ્રથમ ચરણથી અંતિમ ચરણ સુધીનું અનિવાર્ય આવશ્યક ચાલક બળ હોય તો તે ગુરુતત્ત્વ છે. જેની આંગળી પકડ્યા વિના સાધક સાધનાનાં વિશ્વમાં પ્રવેશ કરી શકતો નથી, તો સિદ્ધિનો અંતિમ શ્વાસ પણ લઇ શકતો નથી...

ગુરુગુણગૌરવ સ્તવનારૂપ આ મહાગ્રંથનું આલેખન જે દિવસે સંપૂર્ણ થયું તે જ દિવસે ગ્રંથલેખક પ.પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મહારાજે, આ કઠિન કાર્ય નિર્વિઘ્ને

પૂર્ણ થયું તેથી અને આલેખનસમયે પૂ. ગુરુદેવના ગુણદેહને સતત નિકટથી માણ્યાના આનંદની અભિવ્યક્તિ થાય તેથી સર્વ શ્રમણ-શ્રમણીવૃંદ સહ ગુરુસ્તુતિ અષ્ટકનું ગાન કરીને ગુણાનુવાદ કરતાં સૌપ્રથમ વાક્ય આ કહ્યું કેઃ ''જ્યારે આપણા પર પરમાત્માની અનરાધાર કૃપા વરસે છે ત્યારે ગુરુની પ્રાપ્તિ થાય છે, જ્યારે દેવ-ગુરુની કૃપા ફળે છે ત્યારે ગુરુમાં સદ્ગુરુનાં દર્શન થાય છે અને જ્યારે આ દષ્ટિ ખૂલે છે ત્યારે જ અધ્યાત્મની યાત્રાની શરૂઆત થાય છે...'' ગુરુપ્રદક્ષિણા કુલકમાં પણ કહ્યું છે કે જ્યારે શિષ્યને સ્વગુરુમાં ગૌતમસ્વામીથી લઈને યુગપ્રધાનાદિ તમામ ગુરુભગવંતોનાં દર્શન થાય ત્યારે સમજવું કે હવે કલ્યાણ શીઘ્ર અને નિશ્ચિત છે... આ બતાવે છે કે અધ્યાત્મવિશ્વનાં કેન્દ્રીય બિંદુ સમાન ગુરુતત્ત્વ કેટલું મહત્ત્વનું છે.

ગુરુતત્ત્વનું મહત્ત્વ આટલું એટલા માટે છે કે સદ્ગુરુ જ શિષ્યમાં રહેલ અનાદિકાલીન દોષો-સંજ્ઞાઓ-કષાયો-વાસનાઓ વિગેરેનું વિલનીકરણ કરે છે અને નયનરમ્ય ગુણમય શિલ્પ પ્રગટ કરે છે. એ જ શિષ્યની દશા-દિશા બદલીને દિવ્યતા બક્ષે છે.

મુંબઈ મ્યુનિસિપલ-કોર્પોરેશનનું અભિયાન છે Clean મુંબઈ...Green મુંબઈ... તેથી જ તો B.M.C.વાળાઓ રોજ રોજ ગંદકી-ઉકરડા તત્કાલ દૂર કરવાનું કામ કરે છે. છતાં આ અભિયાન સફળ થાય કે કેમ એ શંકા છે. કેમ કે એક દૂર થાય ત્યાં નવા દશ ઉકરડા ઊભા થઈ જાય છે. સદ્ગુરુનું પણ આવું જ અભિયાન છે. Clean શ્રમણ... Green શ્રમણ...અને આ અભિયાનમાં એમને અવશ્ય સફળતા સાંપડે છે. તેઓ સારણાદિરૂપ સમજણના નીર દ્વારા શિષ્યને સ્વચ્છ-Clean બનાવે છે... તો શિષ્યને અંતર્મુખ બનાવી ગુણદર્શન-ગુણપ્રાપ્તિરૂપે Green પણ બનાવે છે... અરે! એથી આગળ વધી એ ગુણોને શિષ્યમાં અસ્થિમજ્જાવત્ સ્થિર પણ બનાવે છે...

આવા એક સદ્ગુરુભગવંત એટલે મારા સંયમજીવનના દાતા-ત્રાતા, પ.પૂ.વ્યા. સા.ન્યા.તીર્થ શાસનપ્રભાવક આચાર્યદેવશ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજા. જેઓશ્રીએ ભણતર દ્વારા મારા સંયમજીવનનું ચણતર તો કર્યું છે. સાથે દીક્ષાદિવસથી સતત ૩૯ વર્ષ સુધી જીવનના દરેક વળાંકે યોગ-ક્ષેમ કરીને ઘડતર પણ કર્યું છે. જેઓશ્રીએ મા+મા (સંસારી પક્ષે મામા) બનીને મારું સંયમજીવન બાહ્યાભ્યંતર રીતે નિષ્કંટક અને નિષ્કલંક બને તેની ખેવના કરી છે. એ ગુરુદેવ એવા નિષ્ણાત ડોક્ટર હતા કે આશ્રિતના દોષનું નિદાન-સર્જરી કરી આસાનીથી દોષ નિકાલ કરી દેતા...

મને બરાબર યાદ છે પ.પૂ. મુનિવર્ય શ્રી રશ્મિરત્નવિજયજી મ.ની ગણિ પદવીનો પ્રસંગ. મેં પૂ. ભાઈ મ.ને(રાજરત્નસૂરિજી મ.ને) પૂછ્યુંઃ ''આ વર્ધમાનવિદ્યાનો પટ મૂકવા માટે જે ઉપકરણનો ઉપયોગ થાય છે તે અન્ય ધાતુનું બનેલ છે. ઉત્તમ વસ્તુ માટે ઉપકરણ પણ ઉત્તમ હોય તો સારું. આપ જો આજ્ઞા આપો તો પટ માટે ચાંદીનું ઉપકરણ લાવીએ.'' અમારા આગ્રહનાં કારણે થોડા ખચકાટ સાથે તેઓશ્રીએ હા કહી. ધર્મધામતીર્થે અમો આ ઉપકરણ લઈને ઉપાશ્રયે ગયા. પૂજ્ય ગુરુદેવશ્રીને વંદન કરી તે ઉપકરણ આપ્યું. મને કહેઃ ''આ કોના માટે છે?'' મેં ગભરાતા કહ્યું : ''પૂ. રશ્મિરત્ન વિ.મ.ના પટ માટે.'' ''કોને પૂછીને લાવ્યા છો?'' એમણે આગળ પૂછ્યું. મેં કહ્યું ''પૂ. રાજરત્નસૂરિજી મ.ને.'' પૂજ્યશ્રીએ એક પળ વિચારીને કહ્યું. ''આ ઉપકરણ રશ્મિરત્ન વિ.ને આપવાનું નથી...'' પછી અમને સમજાવતાં કહ્યું કે ''આપણે પરિગ્રહ વિરમણવ્રતમાં માત્ર પૈસાના પરિગ્રહને નથી છોડ્યો. ૯ પ્રકારના બાહ્ય પરિગ્રહનો ત્યાગ કર્યો છે. નવમાં ચાંદી એ પરિગ્રહ ખરો કે નહિ? જે ચીજ છોડીને આવ્યા છે એનું મમત્વ શા માટે ઊભું કરવાનું? જો આપણે મર્યાદાની લક્ષ્મણરેખા નહિ રાખીએ તો ગૃહસ્થો કાલે નૂતન દીક્ષિતને ય સોનાની માળા વહોરાવશે...'' અને સામે જ ઊભેલા પૂ. રશ્મિરત્નવિજયજી મ. તથા અમોએ એ જ પ્રસન્નતાથી પૂજ્ય ગુરુદેવની વાતને સ્વીકારી લીધી. શ્રમણજીવનને દોષમુક્ત રાખવાની અને કોઈ પ્રશસ્ય પણ બહાનાથી દોષ પ્રવેશે નહિ એની કાળજી તેઓશ્રીની આવી હતી. આવા સદ્ગુરુરૂપી માનસરોવરમાં કંસ જેવો આત્મા પણ હંસ-પરમહંસ બને એમાં શું આશ્ચર્ય...!!

અત્યારે ભક્ષ્ય-અભક્ષ્યની બાબતે ચોમાસાના અળસિયાની જેમ નીત-નવા વિકલ્પો-માર્ગો ફૂટતા જાય છે. અથાણા-સોસ-ડ્રાયફ્રૂટ વિ. બાબતો માટે પૂજ્ય ગુરુદેવને પૂછીએ ત્યારે તેઓશ્રી એક જ જવાબ આપે કે શંકાશીલ ચીજનો ત્યાગ જ કરવો. વળી અથાણા આદિ ચીજ ઉદરપૂર્તિ માટે નથી, સ્વાદપૂર્તિ માટે છે. એના ત્યાગથી આસક્તિ છૂટશે. આશ્રિતને યેન કેન પ્રકારેણ દોષથી બચાવવાની તેઓશ્રીની વૃત્તિ આમાં દેખાય છે. મારા શ્રમણ-શ્રમણી Clean-નિર્મળ-દોષમુક્ત કેમ બને આ જ તેઓનું લક્ષ્ય હતું....

તો જ્ઞાનાદિમાં તપ-ત્યાગમાં કોને કઈ રીતે આગળ વધારવા તે માટેની તેઓની દક્ષતા દાદ માંગી લે તેવી હતી. મારી દીક્ષાનું બીજું વર્ષ પાલિતાણામાં નવાણું યાત્રા દરમ્યાન મારે ચોવિહાર છટ્ઠ કરીને સાત યાત્રા કરવાની હતી. અમે ૭/૮ સાધ્વીજી સાથે હતા. મારાં મનમાં દાદાની કૃપાથી એક શુભ વિચાર પ્રગટ્યો કે ચઉવિહાર અઠ્ઠમ કરીને અગિયાર યાત્રા મારે કરવી છે. આજથી ૪૦ વર્ષ પૂર્વની વાત. ત્યારે છટ્ઠની યાત્રા પણ નવાણું વાળા માંડ કરતા. ત્યાં અઠ્ઠમની વાત તો સ્વપ્નવત્ લાગે. મનમાં વિચાર ઘટ્ટ થતો ગયો. પ્રથમ દિવસે સાત યાત્રા કરીને તળેટી નજીક નિવૃત્તિ નિવાસમાં રાતવાસો રહ્યા. સાંજે પૂજ્ય ગુરુદેવને સમાચાર પહોંચાડ્યા. એમનો વળતો જવાબ આવ્યો. આવતીકાલે બે યાત્રા કરવાની છે. છટ્ઠ કરીને ૯ યાત્રા થઈ જશે. અઠ્ઠમ કરવાનો નથી. સવારે પહેલી યાત્રા થઈ. દાદાને ખૂબ હૃદયથી પ્રાર્થના કરી શરીરનો સાથ અને આત્માનો ભાવોલ્લાસ બંને વૃદ્ધિંગત છે. આપ કૃપા વરસાવો. ગુરુદેવશ્રીની રજા મળે. બીજી યાત્રા કરવા બહાર નીકળી તો સામે પૂ. ગુરુદેવશ્રી મળ્યા. મેં પૂછ્યું. મારી નાની ઉંમર-ઉપરાઉપરી તપ-ચઉવિહાર અઠ્ઠમ આદિનાં કારણે તેઓએ રજા ન આપી. હું બીજી યાત્રાએ ગઈ. ત્યાંથી યાત્રા કરીને દાદાના દરબારમાં આવી. ત્યાં અમારા સમુદાયના એક સાધ્વીજીએ મને કહ્યું. તમને પૂ. સૂર્યોદયસૂરિજી મ.એ ત્રીજી યાત્રા કરવાની અને અઠ્ઠમ કરવાની મારી સાથે હા

કહેવડાવી છે. મને તો ભાવતું'તુ ને વૈદ્યે કહ્યાં જેવું થયું. ખૂબ વીર્યોલ્લાસ સાથે અઠ્ઠમ પૂર્ણ થયો. પૂ. ગુરુદેવશ્રીને પછી મેં જિજ્ઞાસાથી પૂછ્યું કે શા માટે મને ન કહેતા બીજા સાધ્વીજી સાથે આપે કહેવડાવ્યું? તેઓશ્રીએ કહ્યું :''શારીરિકાદિ કારણ ગૌણ હતા. પણ વડીલો પ્રત્યેનો બહુમાન ભાવ ટકે છે કે તૂટે છે તે મુખ્ય કારણે સામે મળ્યા છતાં તમને જવાબ ન આપતા બીજા સાથે કહેવડાવ્યું...'' કોને કંઇ રીતે આગળ વધારવા તેની આવી પરીક્ષાપૂર્વકની કળા તો કોઇક જ ગુરુ પાસે હોય...

તો જ્ઞાનના ક્ષેત્રે પણ સંસ્કૃત વિશારદની પરીક્ષા સમયે બે બુક બહારનો કોર્ષ ટૂંક સમયમાં તૈયાર કરાવી પરીક્ષા આપવા માટે અમને પ્રોત્સાહિત કર્યા. સિદ્ધહૈમલઘુવૃત્તિ-વ્યાકરણ કરાવીને ય ગુરુદેવે મારા જીવનમાં જ્ઞાનપ્રકાશ પાથર્યો છે. સાચું કહું તો મારા સંયમજીવનમાં ગુરુદેવ બધા જ ક્ષેત્રે સૂરજ થઇ ચમક્યા છે.

વિ.સં. ૨૦૭૦માં ધર્મધામ ઉપધાનસમયે એક વાર પૂજ્ય ગુરુદેવને વંદનાર્થે ગયા. ક્રિયામાં ભાવાનુસંધાન અર્થનાં ચિંતન દ્વારા થાય એ વાત કરતા પૂજ્ય ગુરુદેવશ્રીએ અમને કહ્યું : ''હું રાત્રે સૂવાના સમયે જ સંથારાપોરિસી ભણાવું. પોરિસી ભણાવ્યા પછી બીજી કોઇ વાત કરવાની નહિ અને પોરિસી ભણાવતાં મને પ્રાયઃ ૧૫/૨૦/૨૫ મિનિટ થાય. દરેક ગાથા અર્થ સાથે બોલવાની. એ જ ભાવનામાં રાત્રિશયન થાય. એનાથી આંતરમનમાં એ જ ભાવો ઘૂંટાતા રહે.'' અમે અહોભાવથી ગદ્‌ગદ્ થઇ ગયા કે ૮૨ વર્ષે પણ સંયમ યોગોમાં તેઓની તન્મયતા-સ્થિરતા કેવી ઉત્તમ છે. એથી જ તેઓ પોતાના શ્રમણ-શ્રમણીઓને આગળ વધારી Green શ્રમણ બનાવી શક્યા હશે. ખરેખર... સ્વસ્થ ને સુંદર દેહ મળ્યો તે ભાગ્યની નિશાની છે, ખાનદાન કુળ મળવું તે સૌભાગ્યની નિશાની છે; સજજનનો સંગ મળવો તે સદ્‌ભાગ્યની નિશાની છે પણ સતત આત્મચિંતા કરનાર સદ્‌ગુરુ મળવા તે પરમ ભાગ્યની નિશાની છે.''

અમારા સૌના હિતચિંતક પૂ. ગુરુદેવ સ્વયં ગુણનો બગીચો હતા. માનો એ ગુણોનું ડીપાર્ટમેન્ટલ સ્ટોર હતા. જ્યાં 'A' TO 'Z' ગુણો મળે. મારી બે આંખોમાં તેઓના બે ગુણો વસી ગયા છે. (૧) સાદગી. (૨) સંઘર્ષમાં ય સ્થિરતા. શ્રમણની ચાર જરૂરિયાતો વસતિ-વસ્ત્ર-પાત્ર કે ગોચરીઃ આ ચારેય બાબતોમાં માંગણી તો તેઓશ્રીએ નથી કરી, પણ અનુકૂળતા ય ઇચ્છી નથી. આટલી વય, આટલો સંયમ પર્યાય, આટલો પરિવાર, છતાં આટલી સાદગી!! સાદગી એ જ જાણે એમની ખરી મોટાઇ હતી. મને બરાબર યાદ છે : પૂજ્યશ્રીનો પંન્યાસ પદવીનો પ્રસંગ હતો. તેમનો દીક્ષાનો પાટો સંપૂર્ણ શીર્ણ થઇ ગયેલ. મારા પૂ. ગુરુજીએ (તેમના બેન મ.) અતિ આગ્રહ કર્યો ત્યારે ૩૬ વર્ષે અનિચ્છાએ દીક્ષાનો પાટો બદલ્યો. પૂજ્યશ્રીને પ્રાર્થના છે કે એમનો આ ગુણ મારી એક આંખ સામે સતત તરવરે અને મને સાદગીની પ્રેરણા આપે...તો એમનો બીજો ગુણ સ્થિરતાનો. સમુદાય-સંઘ-સમાજ વચ્ચે રહેતા અનેક સંઘર્ષો પૂજ્યશ્રીનાં જીવનમાં આવ્યા છે. પણ તે સૌને તેઓશ્રીએ ગંભીરભાવે પચાવી જાણ્યા છે. ક્યાંય વાણી-વર્તનમાં પ્રગટવા પણ દીધા નથી. નદીનું પાણી ૬/૮ કલાકના વરસાદથી પૂર લાવે પણ સાગરના મોજાં શું કિનારાનું ઉલ્લંઘન કરે ખરા? પૂજ્યશ્રીનાં સાગર શા વિશાળ હૃદયમાં સામાની ભૂલોની કોઇ અસર ક્યારે ય વર્તાઇ નથી... જાણે પૂજ્યશ્રીએ અમને જીવંત સંદેશ આપ્યો છે કેઃ-

ધરતી સે તુમ હસના શીખો, વૃક્ષો સે તુમ ફલના શીખો,

તૃષ્ણા મીટાને મૈલ કો ધોને, સરિતા સમ તુમ બહના શીખો...

આયે ચાહે કૈસે ભી મુસીબતોં કે પહાડ

સાગર સે ગંભીર બનો તુમ, સમાધિમેં રહના શીખો...

બસ ગુરુદેવ! મારી બીજી આંખ સતત આપના આ સ્થિરતા ગુણની પ્યાસી રહે...

- પૂ. ગુરુદેવ! આપ સાચે જ ઉત્તુંગ મેરુશૈલ છો. જ્યાં પુણ્યનું પાંડુકવન, વિનયનું નંદનવન અને સાધનાનું સોમનસવન સદાબહાર ખીલેલું રહેતું.

આપ સ્વયં વ્યા.સા.ન્યા.તીર્થ હતા, તો આપનું જીવન સમર્પણ તીર્થ હતું;

આપનું હૃદય કરુણાતીર્થ હતું, તો આપના વાણી-વિચાર-વર્તન આજ્ઞાતીર્થ હતા;

આપનું વચન પ્રશમતીર્થ હતું, તો આપના પગલા શાસનપ્રભાવનાતીર્થ હતા;

આપના નયન વાત્સલ્યતીર્થ હતા, તો આપનું મુખારવિંદ સરળતા તીર્થ હતું.

આપની ચિરવિદાયને ૩ વર્ષના વ્હાણા વીતી ગયા. એ વસમી વિદાયની વ્યથાની કથાને યાદ કરવી વ્યર્થ છે... કેમ કે ગુણદેહે આપ સદૈવ અમારી સાથે જ છો.

બસ, સદા ય વરસે આ વાત્સલ્યની અમીવૃષ્ટિ, આપની કરુણામય કૃપાદષ્ટિ સર્જે અમ જીવન સૃષ્ટિ, થાય અમ આતમ પુષ્ટિ.

અનંતશઃ વંદના સાથે આપના ગુણો અમારું જીવન બને એ જ લીપ્સા સાથે પ્રાર્થના કે :-

શિષ્યત્વને સુરભિત કર્યું જીવન ગુરુચરણે ધરી,

શ્રમણત્વને શોભિત કર્યું સમતાતણા રંગો ભરી;

વૃદ્ધત્વને વિજયી કર્યું પ્રસન્નતા પલ પલ ધરી,

ગુરુદેવ ! આપની ગુણત્રયી અમ હૃદયમાંહિ અવતરો...

✦✦✦